Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

વર્ષ ૧૧ : અંક ૪ ] અમદાવાદ : ૧૫-૧-૪૬ [ ક્રમાંક ૧૨૪

## વિષય-દર્શન


૧ આહડપુરમંડણ શ્રીધર્મજિનસ્તવન : પૂ. મુ. મ. શ્રી. રમણિકવિજયજી
ટાઈટલ પાનું ૨

૨ 'જાલોર ચૈત્ય પરિપાટીના સંપાદનમાં ભૂલો' સંબંધી ખુલાસો : શ્રી. અંબાલાલ પ્રે. શાહ ,,

૩ સં. ૧૮૫૧ માં રાધનપુરનિવાસી સુરાશાહે કરાવેલ મીયાગામના
શાંતિજિન મંદિરની પ્રતિષ્ઠાનું સ્તવન : પૂ. મુ. મ. શ્રી. જયંતવિજયજી : ૯૭

૪ પ્રાચીન જૈનધર્મ : શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી : ૯૯

૫ નડિયાદના એક જિનમંદિરની પ્રતિમાઓના લેખ : શ્રી. ચીમનલાલ લ. ઝવેરી : ૧૦૧

૬ બિસકોલી સંબંધી જૈન ઉલ્લેખો : પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા : ૧૦૬

૭ जीवके कर्मबन्ध और मोक्षका अनादित्व :
पू. आ. म. श्री जिनहरिसागरसूरिजी : १०८

८ जैसलमेर जैन ज्ञानभंडारोंके
अन्य अप्राप्य ग्रन्थोंकी सूची : श्री. अगरचन्दजी नाहटा : ११३

૯ અહિંસક શક્તિનો અપૂર્વ વિજય (કથા) : પૂ. મુ. મ. શ્રી. કનકવિજયજી : ૧૨૧

નવી મદદ ટાઈટલ પાનું ૩


લવાજમ-વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક-ત્રણ આના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મુનિરાજ શ્રી કુશલહર્ષ કૃત

# આહડપુરમંડણ શ્રીધર્મજિન–સ્તવન

સંગ્રાહક–પૂજ્ય મુનિમહારાજ શ્રી રમણિકવિજયજી

આજ સફલ દિન મુઝતણુએ, દીઠા ધર્મજિણંદ મનોરથ સવિ ફલ્યા એ. ૧
આહડપુરવર મંડણુઓ એ, પ્રણુમઈ સુરનર કોડી કે ધર્મજિન વંદિએ એ. ૨
માણિક હેમ રજત તણુાએ, તીન રચઈ ગઢ દેવ કે ચ્યારિ નિકાયના એ. ૩
તીન છત્ર સરિ સોભતાં એ, ઠકુરાઈ પ્રભુ જોય કે તીન ભુવન તણી એ. ૪
ધુપ ઘટી તિહાં મહિમહિ એ, ચામર ઢલઈ ઈંદ્ર કે જિન આગલિ ખડા એ. ૪
ફુલ પગર ઢીંચણુ સમઈ એ, ઉંધઈ બીંટિ રચંતિ કે મહિમા જિન તણુ એ. ૬
ત્રિગડઈ બઈઠા જિનવરૂ એ, દીઈ દેસના જિનવાણી કે યોજનગામિણિ એ. ૭
દેવદુંદુભિ ગયણુંગણિ એ, વાજઈ વાજિત્ર કોડિ કે અણુવાયાં ઘણાં એ. ૮
મલિય સવે સુર અંગના એ, ગાઈ સરલઈ સાદિ કે જિનપદ આલવઈ એ. ૯
કેવલ કમલા સાગરૂ એ, ધર્મજિણેસર દેવ કે આહડમંડણુ એ ૧૦
કુશલહર્ષ સાહિબ મિલઓ એ, ધર્મજિણંદ દયાલ કે આશા સિવ ફલા એ. ૧૧

## "જાલોર ચૈત્યપરિપાટીના સંપાદનમાં ભૂલો" અંગે

# ખુલાસો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના ૧૧ મા વર્ષના બીજા અંકમાં પૂ. પં. શ્રી. કલ્યાણુવિજયજી મહારાજે 'જાલોર ચૈત્યપરિપાટીના સંપાદનમાં ભૂલો' શીર્ષક લેખ લખી આ જ માસિકના વર્ષ ૧૦ માના છઠ્ઠા અંકમાં મેં પ્રગટ કરેલ 'નગાગણિવિરચિત જાલોર નગર પંચ જિનાલય ચૈત્યપરિપાટી" લેખ અંગે મારા ઉપર કેટલીક ટીકા કરી છે. એ ટીકાને મહત્ત્વ ન આપતાં, આ સંબંધમાં નીચેનો ખુલાસો પ્રગટ કરવો જરૂરી સમજું છું.

હું એ કબુલ કરું છું કે પૂ. પંન્યાસજી મહારાજના લેખમાંની કેટલીક વિગતોનો મેં ઉપયોગ કર્યો છે. પણુ સાથે સાથે એ પણ, જણાવવું આવશ્યક છે કે એ લેખમાંની વિગતો ઉપરાંત મેં સાક્ષરવર્ય શ્રીજિનવિજયજીના 'પ્રાચીન લેખ સંગ્રહ' ભાગ બીજામાંની તેમ જ 'યતીન્દ્રવિહારદિગ્દર્શન' પુસ્તકમાંની કેટલીક વિગતોનો પણુ ઉપયોગ કર્યો છે. અને આ બધી વિગતો મેં અક્ષરશઃ ઉતારા રૂપે નહીં પણુ મારી ભાષાદ્વાર ઉક્ત લેખમાં રજુ કરી છે; એ નાનાશા લેખમાં એવા અક્ષરશઃ ઉતારાને અવકાશ જ ન હતો.

વળી કોઈ પણુ પ્રાચીન કૃતિના સંપાદન કે સંશોધનમાં પોતાના ઘરની વસ્તુ મૂકવાની હોતી જ નથી; તેમાં તો જે કંઈ વાંચ્યું, સાંભળ્યું કે અનુભવ્યું હોય તે જ વસ્તુ આધાર રૂપે રજુ થઈ શકે છે. અને આ બધી વસ્તુઓનો ખ્યાલ રાખીને જ મેં મારું નામ ઉક્ત લેખના લેખક તરીકે નહીં, પણુ સંગ્રાહક તરીકે આપ્યું છે. એટલે પછી પારકાની વસ્તુ પોતાના નામે ચડાવી દેવાનો કોઈ સવાલ જ રહેતો નથી.

આશા છે ઉપરના ટૂંકા લખાણુથી વાચકોને જરૂરી ખુલાસો મળી રહેશે.

મુંબઈ તા. ૮–૧૨–૪૫ —અંબાલાલ પ્રેમચંદ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

जेशींगभाईनी वाडी : घीकांटारोड : अमदावाद (गुजरात)

| वर्ष ११ | વિક્રમ સં. ૨૦૦૨ : વીરનિ. સં. ૨૪૭૨ : ઈ. સ. ૧૯૪૬ | क्रमांक |
|---|---|---|
| अंक ४ | પોષ શુદિ ૧૩ : મંગળવાર : ૧૫ મી જાન્યુઆરી | १२४ |

## સં. ૧૮૫૨ માં રાધનપુરનિવાસી શેઠ સુરાશાહે કરાવેલ

# મીયાંગામના શાંતિજિનમંદિરની પ્રતિષ્ઠાનું સ્તવન

સંગ્રાહક—પૂજ્ય મુનિમહારાજ શ્રી જયંતવિજયજી

( સાહીબા બાહુ જિનેશ્વર વિનવું, એ દેશીમાં ગવાય છે )

[મૂળ પ્રતમાં દેશી લખી નથી, પણ તાલમાં મળતી હોવાથી અહીં લખી છે.]

શ્રી શાંતિજિણેસર સાહિબા, તુંમે મોટા છો મહારાજ।
જિણંદ રાયા હે, દિલભરિ દરિસણ દિજિએ ( એ આંકણી )
આશ કરી આવ્યો ઇહાં, મુઝ સારો વંછિત કાજ ॥ જિ૦ ॥ દિ૦ ॥૧॥

મૂરતિ મોહન વેલડી, તારા તેઝ તણો નહિ પાર ॥ જિ૦ ॥ દિ૦ ॥
સુંદર રૂપ સોહામણું, સહુ નિરખે વારોવાર ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૨ ॥

જગવલ્લભ પ્રભુ છો તુમે, તુમે જિવન પ્રાણઆધાર ॥ જિ૦ ॥ દિ૦ ॥
દેખી તુમ દેદારને, મુઝ હિયડે હરખ અપાર ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૩ ॥

જગપતિ જગમાં તું જયો, થયો શાસ્વત સુખનો સ્વામિ ॥ જિ૦ દિ૦ ॥
તે માંહીથી તિલ દીજીયે, વલી કીજીયે એટલું કામ ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૪ ॥

ભગતિવચ્છલ ભગવંત તું, તું છે દાંન દયાલ જ દેવ ॥ જિ૦ ॥ દિ૦ ॥
રૂસે ન તુસે તું પ્રભુ, પ્રભૂ એહસિ તારી ટેવ ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૫ ॥

પ્રભુ ઇણિ પરે તો નવિ કીજીએ, વલી દીજીયે વાંછિત દાન ॥ જિ૦ ॥ દિ૦ ॥
મેહર કરો મુઝ નાથજી, જિમ વાધે શેવક વાન ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૬ ॥

હું તો મોહી રહ્યો તુમ ઉપરે, તુમે નવિ મોહયા કાંઈ મુઝ ॥ જિ૦ ॥ દિ૦॥
ઈમ કીમ પીત વરે પડે, એ કહ્યું મેં મનનું ગૂઝ ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૭ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે માટે તુમને કહું, દોય પખ્ખતણુ હોઇ હેત ॥ જિ૦ ॥ દિ૦ ॥
એક પખી પ્રિત નવિ હોઈ, એ સાચો છે સંકેત ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૮ ॥

ઈમ જાણીને સાહિબા, ધરો, સેવક ઉપર પ્રીત ॥ જિ૦ ॥ દિ૦ ॥
તો મુઝ જસ હોઇ જગ વાધે, વાધે વલી બમણી પ્રિત ॥ જિ૦ ॥ દિ૦ ॥

પ્રીત વધાર પ્રભુ તુમે, આપો મુઝ અવિચળ રાજ ॥ જિ૦ ॥ દિ૦ ॥
ભવ ભવના પ્રભુ ભય હરો, કરો મુઝ મનવંછિત કાજ ॥ જિ ॥ દિ૦ ॥ ૧૦ ॥

તુમ તુઠે સવિ સુખ લહે, દહે વલી સઘલાં પાપ ॥ જિ૦ ॥ દિ૦ ॥
મોક્ષ મારગ કો નડે નહિ, જબ હોયે જગગુરૂની છાપ ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૧૧ ॥

થોડે કહે ઘણું જાંણજ્યો, બહું સું કહું ગુણના ગેહ ॥ જિ૦ ॥ દિ૦ ॥
મુઝ મનવાંછત સવિ ફ્લ્યા,મોહ માગ્યા વરસ્યા મેહ ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૧૨ ॥

આજ મોહ માગ્યા પાસા ઢલ્યા, વલ્યા દિવસ અનોપમ આજ ॥ જિ૦ ॥ દિ૦ ॥
આજ સુરતરૂ ફ્લીયાં આંગણે, આજ સરીયાં સઘલાં કાજ ॥ જિ૦ ॥ દિ૦॥ ૧૩ ॥

રાધનપુરનો સેઠીઓ, કાંઇ ધન ધન **સૂરોસાહ** ॥ જિ૦ ॥ દિ૦ ॥
તાસ પુત્ર અતિ દીપતો, વલી **રંગજી** રૂપ વિખ્યાત ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૧૪ ॥

વલી **જસરાજે** જસ બહુ લીયો, ભાઇયો કેરી જોડ ॥ જિ૦ ॥ દિ૦ ॥
મોટી વહુના કહણથી, પુર્યાં છે મનના કોડ ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૧૫ ॥

વલભવિજય પંડીત ભલા, ગીતારથ ગુણવંત ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૧૬ ॥
કીધી પ્રતિષ્ઠા પ્રભુતણી, હરખ્યા બહુ સાજન સંત ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૧૬ ॥

સંઘભગતિ સબલી કરી, સહુ સાજનને બહુ માન ॥ જિ૦ ॥ દિ૦ ॥
વરઘોડા બહુ વિધભલા, દીધાં જાચકને વલી દાન ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૧૭ ॥

સંવત્ **અઢારએકાવને**, સુદિ વૈશાખ છઠ્ઠી સોમવાર ॥ જિ૦ ॥ દિ૦ ॥
દેહરે શિખર ચઢાવીઓ, થયો દેવલ અતિ સુખકાર ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૧૮ ॥

પ્રભુ પધરાવ્યા તેહી જ દીને, ધજા ચડી બહુવિધ માન ॥ જિ૦ ॥ દિ૦ ॥
વાયુ વેગે અતિ હાલતી, કરે સ્વર્ગદેવોને સાન ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૧૯ ॥

**મીયાંગામે** ભગતસંગ રાજમાં, કીધો સોલમા જિનનો પ્રાસાદ ॥ જિ૦ ॥ દિ૦ ॥
દેવલ અતિહિ દીપતો, કરતો મેરૂ સમોવડ વાદ ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૨૦ ॥

પંડિત **ખેમાવિજય** તણો, આણી મનમાંહી ઉલ્લાસ ॥ જિ૦ ॥ દિ૦ ॥
**લખમોવિજય** ઈણી પરે વદી, સહુ સંઘની પુરજો આસ ॥ જિ૦ ॥ દિ૦ ૨૧॥

## ઇતિ શાંતિનાથસ્તવન

પાટણનિવાસી ભોજક ગિરધરભાઇ હેમચંદના હસ્તલિખિત પુસ્તકોના સંગ્રહમાંથી ઉતાર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાચીન જૈનધર્મ

લેખક-**શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી.**

"વૈદિકેતર પંથમાં શ્રમણોને મુખ્ય સ્થાન આપવું જોઈએ. એમનું મુખ્ય ધ્યેય ઐહિક દુઃખમાંથી મુક્ત થવું એ છે; તથાપિ આ મુક્તતા મેળવવી કેવી રીતે? એ બાબતમાં મતભેદને લીધે તેમનામાં જુદા જુદા બાસઠ મતભેદ થયા. એમાંથી છ મહત્ત્વના છે. ને બુદ્ધના વખતમાં તેમને માન પણ સારું મળતું હતું. અક્રિયા, સંસાર શુદ્ધ, ઉચ્છેદ, અન્યોન્ય, ચાતુર્યામ સંવર ને વિક્ષેપ, આ છ વાદોનાં નામ છે. હમણાં આ પૈકી ચાતુર્યામ સંવર અથવા 'નિગ્રંથી' સિવાયના બીજા બધા પંથ નામશેષ થયેલા છે. 'સામઞ્ઞફલસુત્ત' નામનો બૌદ્ધ ગ્રંથ એમ જણાવે છે કે, આ પંથ મહાવીર સ્વામીએ સ્થાપ્યો છે; તથાપિ જૈન ગ્રંથોની અંદર આ બાબતમાં જુદાં જ વિધાનો કર્યાનું જણાય છે. તેમના મત પ્રમાણે મહાવીરનીયે પહેલાં આશરે અઢીસો વર્ષ અગાઉ પાર્શ્વનાથ તીર્થંકરે આ પંથ સ્થાપ્યો. હિંસા, અસત્ય, ચૌર્ય ને પરિગ્રહમાંથી નિવૃત્તિ, આ એ પંથનો મૂળ મંત્ર. આ નિયમચતુષ્ટયને જ ચાતુર્યામ નામ આપવામાં આવ્યું હતું. મહાવીરે આ ચતુષ્ટયને મૈથુનનિવૃત્તિ (નામા) પાંચમા યામ (નિયમ) ની જોડ દીધી.'

"ઉત્તરાધ્યયન સૂત્રમાં "પાર્શ્વ મહામુનિએ ઉપદેશેલો યામચતુષ્ટય જ વર્ધમાન મુનિએ પંચ શિક્ષારૂપે નિરૂપ્યો" એવું વર્ણન છે. સુતપિટક ગ્રંથમાં આ મત સંબંધે પુષ્કળ માહિતી મળે છે. પુનર્જન્મના તત્ત્વ પર આ મતના અનુયાયીઓનો વિશ્વાસ હતો. સંયમ અને તપની સહાયતાથી કૃતકર્મકર્દમ ધોઈ નાખી મુક્ત થવાના માર્ગને તેઓ અનુસરતા હતા. બાકીના પંથને છોડી દઈ આ એક જ જૈન પંથની આટલી સવિસ્તર ચર્ચા કરવાનું મુખ્ય કારણ એ છે કે, એ ધર્મ બૌદ્ધધર્મનીયે પહેલાંથી ચાલતો આવ્યો છે, એ વાચકોને સ્પષ્ટપણે બતાવી આપવું. ભગવાન બુદ્ધે આ પંથનાં જ અહિંસા, અસ્તેય, સત્ય વગેરે તત્ત્વો સ્વીકાર્યાં છે ને તેમાં થોડો ઘણો ફેરફાર કરીને પોતાનો પંથ પ્રસ્થાપ્યો છે. એમાંનાં અપરિગ્રહ, મૈથુનવિરતિ, આ તત્ત્વોને કિંચિત્ બદલીને બૌદ્ધ ગ્રહસ્થ ધર્મીઓ સારુ પરસ્ત્રી-વિરતિ આવું તેનું પરિવર્તન કર્યું. ઉપર જણાવેલા બાસઠ મતો પૈકી આજની ઘડી સુધી આ એક જ પંથ સારી રીતે જીવતો રહ્યો છે. હમણાં અસ્તિત્વમાં છે તે જૈનધર્મ જ એ પંથ છે. તેમાંનાં અમૂલ્ય એવાં પાંચ તત્ત્વોને આધારે જ એ જીવી શક્યો છે."

ઉપરનો ઉતારો 'ચિત્રમય જગત'ના અંકોમાંથી સંગ્રહીત કરાયેલો છે. અમદાવાદના સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી 'શ્રી બુદ્ધચરિત્ર તથા અન્ય સંતપુરુષો' એ નામનું પુસ્તક સ્વર્ગસ્થ મણિલાલ નથુભાઈ દોસી તથા સ્વ. શિવપ્રસાદ દલપતરામ પંડિત દ્વારા યોજાયેલ તેમાં મૂકવામાં આવેલ છે. અહીં તો કહેવાનું એટલું જ છે કે લેખક અને પ્રકાશક ઉભય વજનદાર છે એટલે લખાણમાં શંકાને સ્થાન નથી જ. આખાયે લખાણનો ધ્વનિ એ છે કે જ્યારે બુદ્ધ ભગવાને પંથની સ્થાપના કરી ત્યારે જે મતો પ્રચલિત હતા એમાં 'નિગ્રંથ માર્ગ' પણ હતો જ. એના પ્રણેતા શ્રી મહાવીર નહીં પણ શ્રી પાર્શ્વનાથ મુનિ હતા અને એમાંના મુખ્ય નિયમોને લઈને જ બૌદ્ધધર્મની રચના કરાયેલી છે. આંગ્લ લેખકોએ ઉભય પંથના સરખા નિયમો જોઈ એટલી હદે ગોટાળો કરી નાંખ્યો કે જૈન-ધર્મ કે જેના મૂળમાંથી બૌદ્ધધર્મનાં ચણતર થયાં તેને જ બૌદ્ધધર્મની શાખા રૂપ લખી નાંખ્યો! જો કે અત્યારની શોધ તો માત્ર શ્રી પાર્શ્વનાથને જ નહીં પણ શ્રી અરિષ્ટ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નેમિ યાને બાવીશમા તીર્થપતિ શ્રી નેમિનાથને પણ ઐતિહાસિક વિભૂતિ લેખવામાં વાંધો જોતી નથી. શ્રી કૃષ્ણુ ભગવાન કે જેમને જૈનો નવમા વાસુદેવ અને આવતી ઉત્સર્પિણીમાં તીર્થંકર થવાના માને છે એ શ્રી નેમિનાથ ભગવંતના કાકાના દીકરા થતા હતા. અર્થાત્ ઉભય પિત્રાઈ ભાઈઓ હતા. આ ઉપરાંત વેદમાં અને અન્ય શ્રુતિઓમાં શ્રી નેમિનાથ તથા શ્રી ઋષભદેવ આદિ અંગે ઉલ્લેખો મળે છે. એ ઉપરથી જૈનધર્મની પ્રાચીનતા માટે શંકા કરવાનું રહેતું જ નથી. કેટલીક વાર અભ્યાસની ઓછાશથી જ મનગમતા ચિત્રણુ કરાયેલાં દૃષ્ટિગોચર થાય છે. આ સાથે જૈન સમાજને ઉદ્દેશી કહેવું જોઇએ કે દેશ–કાળના બદલાયેલા સંયોગોમાં શોધખોળ અને ઐતિહાસિક સામગ્રી દ્વારા દરેક વાતનો નિશ્ચય ચાહતાં આ યુગમાં પોતાની વાતને અથવા તો ચાલ્યા આવતા ઇતિહાસને લભ્ય સાધનો મારફતે વ્યવસ્થિત અને શૃંખલાબદ્ધ કરવા સારૂ એના મોવડીઓ તરફથી કંઈ જ પ્રયાસ થયો નથી. જે કંઈ પ્રયત્નો નજરે ચઢે છે તેમાંના ઘણાખરાનો યશ જૈનેતર વિદ્વાનોને ફાળે જાય છે. જે કંઈ થોડો બાકી રહે છે એમાં વ્યક્તિની ઉલટ મુખ્યપણે રમતી હોય છે. સામુદાયિક રીતે જૈન સમાજના આચાર્યો કે શ્રીમંત આગેવાનોનું એ પાછળ જોઈએ તેટલું પીઠબળ નથી એમ કહેવામાં કંઈ જ ઉતાવળ નહીં ગણાય. સાધુગણમાં અને શ્રાદ્ધવર્ગમાં આંગળીના ટેરવે ગણાય એટલી વ્યક્તિઓએ જ ચાલુ યુગના આ મહત્ત્વના અંગને વિકસાવવામાં ભાગ લીધો છે. પ્રતિવર્ષે જૈન સમાજ ધર્મ નિમિત્તે હજારો નહીં પણ લાખો રૂપીઆ ખરચે છે. તો આ મહત્ત્વના અંગના વિકાસ માટે પણ આપણે પૂરતા પ્રમાણુમાં લક્ષ્ય આપી તે અંગેનું આવશ્યક બધું જ ખર્ચ ઉપાડી લેવું જોઇએ. આ રીતે કરાયેલ નાણાંનો સદ્વ્યય જૈન સમાજનું ગૌરવ સ્થાપિત કરશે એટલું નહીં બલ્કે જૈન સમાજની હસ્તીને બલવત્તર બનાવશે. આપણે સૌ આ પ્રબળ આવશ્યકતાને પિછાનીએ!

નીચેના ઉલ્લેખો પરથી જૈનધર્મના વિસ્તારનો અને પ્રભાવનો ખ્યાલ આવે છે:

"બોધિસત્ત્વે રાજગૃહી તરફ પ્રયાણ કર્યું. એ સમયે રાજગૃહી શ્રમણોના વિદ્યાભ્યાસનું કેન્દ્ર ગણાતી હતી. મગધદેશની આ પાટનગરીમાં વિવિધ દેશના પંડિતો એકત્ર થતા હતા." આ ઉલ્લેખ પણ મગધ દેશમાં જૈનધર્મની (નિર્ગ્રંથ માર્ગની) કેવી કીર્તિગાથા ગવાઈ રહી હતી એનો પુરાવો આપે છે. 'ઉત્તર હિંદમાં જૈનધર્મ' નામા ગ્રંથ પણ એ બાબતમાં સારું અજવાળું પાડે છે. આપણા જૈન સાહિત્યમાં રાજગૃહી અને નાલંદા પાડા માટે ઓછું નથી કહેવાયું. આમ છતાં આશ્ચર્યની વાત એટલી છે કે જે કંઈ પ્રયત્નો થયા અને નાલંદાવિહારના ખોદાણમાંથી જે સામગ્રી ઉપલબ્ધ થઇ છે એ ઉપરથી બૌદ્ધધર્મની જ મહત્તા ગવાઈ રહી છે. પ્રભુશ્રી મહાવીર દેવના ચૌદ ચોમાસાના સ્થાનમાંથી શું કંઇ જ એવું નથી જડયું કે જેથી જૈનો ગૌરવ લઈ શકે? અથવા તો જે મળ્યું છે એ જૈનોનું છે કે બૌદ્ધોનું એ તપાસવાની જૈનોએ દરકાર નથી રાખી!

'સુત્તનિપાત'માં બિંબિસાર સાથે બોધિસત્ત્વનો વાર્તાલાપ છે એમાં જણાવ્યું છે કે–

'બિંબિસારે કહ્યું કે–'હે બોધિસત્ત્વ! હાથ નીચે ગજસેના રાખીને એકાદ મહાવીરની જેમ તું મારી પાસે રહે. હું તને જોઇએ તેટલું ધન આપીશ. તેનો તું તારે જોઇએ તેવો ઉપભોગ કર...' અહીં ગજસેના, મહાવીર એ શબ્દો પાછળનો ભાવ વિચારણીય છે. 'બોધિસત્ત્વે મગધમાં અનેક શ્રમણોને વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરતા જોઇને એ માર્ગે જવાથી પોતાનું ધ્યેય હાથ લાગશે, એમ લાગવાથી પોતે પણ તપ શરૂ કરવું એવો નિશ્ચય કર્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નડિયાદના એક જિનમંદિરની પ્રતિમાઓના લેખ

સંગ્રાહક:—વૈદ્ય ચીમનલાલ લલ્લુભાઇ ઝવેરી, મહુધા.

ગૂર્જર દેશમાં પાટણ, અમદાવાદ, ખંભાત, ખેડા, બોરસદ, વડોદરા, ભરૂચ અને સુરત વગેરે અનેક નાનાં મોટાં નગરો વર્તમાનમાં હસ્તી ધરાવે છે. તે જ કોટીનું નડિયાદ પણ એક છે. નડિયાદનું પ્રાચીન કાલે વ્યાપારી દૃષ્ટિએ મહત્ત્વ ઓછું અંકાતું હતું, પરન્તુ જ્યારથી બી. બી. એન્ડ સી. આઈ. રેલ્વેનું જંકશન સ્થળ થયું અને એની સાથે ગુજરાત રેલ્વે જોડાઈ તેમજ અંગ્રેજ સરકારે રાજકીય દૃષ્ટિએ આ સ્થાન સગવડવાળું માન્યું ત્યારથી નડિયાદનું સ્થાન મહત્ત્વનું ગણાવા લાગ્યું. આપણે અહીં જૈન દૃષ્ટિએ તેનું પ્રાચીન મહત્ત્વ કેટલું છે તે જોઈશું. દંતકથા મુજબ નડિયાદમાં પ્રાચીન કાલે સાત જૈન દેવાલયો હોવાનું સાંભળવામાં આવે છે. એ ઉપરથી સમજી શકાય છે કે નડિયાદમાં પ્રાચીન કાલે જૈનોની વિપુલ વસ્તી હોવી જોઈએ. પરંતુ વર્તમાનમાં માત્ર ત્રણ જ જૈન દેવાલયો વિદ્યમાન છે. નડિયાદમાં વસતા જૈનો ત્રણ ભિન્ન ભિન્ન જ્ઞાતિમાં વિભક્ત છે: શ્રીમાલી, પોરવાડ અને સુતરીયા. આ ગામના મૂલ વતની શ્રીમાલી જૈન શ્રાવકોમાંથી શાહ દીપચંદ પોતાના પરિવાર સાથે કોઠ–સાણંદના ઠાકોરના આગ્રહથી કોઠમાં જઈને વસ્યા છે. એ જ પ્રમાણે અન્ય ધનવાનો પણ વ્યાપારિક દૃષ્ટિએ અન્ય નગરોમાં જઈ વસ્યા હોય એ બનવા જોગ છે. જેવી રીતે શ્રીમાલીઓ અન્ય ગામોમાં જઈ વસ્યાનું પ્રમાણ મળે છે તે જ પ્રમાણે પોરવાડો પણ વ્યાપાર નિમિત્તે વડતાલ જઈ વસ્યા છે કે જેઓ હાલ પણ નડિયાદરાજ કહેવાય છે, અને થોડાં વર્ષો પૂર્વે તો તેઓ નડિયાદમાં આવીને જ લગ્ન વગેરે કરતા. આ સબબને લીધે નડિયાદમાં આ બન્ને જૈન જ્ઞાતિઓની વસતી નહીંવત્ છે. છતાં જે છે તે સંઘમાં અગ્રગણ્ય ભાગ લેનારાઓ છે. આમ છતાં પણ નડિયાદમાં ધંધાર્થે અથવા સરકારી નોકર તરીકે આવી વસેલા બહાર ગામના જૈનોથી જૈન વસતિમાં પડેલી ખોટ પૂરાય છે. એ સિવાય નડિયાદમાં જૈનધર્મ પાળનારી વણિગ્ જાતીઓમાં પ્રાચીન શિલાલેખોમાં **વાયડાજ્ઞાતિનું** નામ જોવામાં આવે છે. હાલ આ ગામમાં વસતા વાયડા-વણિકો જૈનેતર ધર્મના ઉપાસક છે, પરન્તુ તેઓ પ્રાચીન કાળે જૈન હતા તેનો પૂરાવો નીચે આપવામાં આવેલા અજિતનાથના દેરામાંથી પાષાણમૂર્તિઓના લેખો અને ધાતુપ્રતિમાના લેખો ઉપરથી જોઈ શકાશે. મને **અજિતનાથચૈત્યમાંથી** મળેલા લેખો પૈકી પ્રાચીનમાં પ્રાચીન લેખ સંવત્ ૧૨૩૮ નો છે. એ લેખ અને ધાતુપ્રતિમાના લેખો ગુજરાતી અનુવાદ સાથે વર્ષના ક્રમ પ્રમાણે અહીં રજુ કરું છું.

(१) संवत् १२३८ वैशाख सुदि ११ गुरौ श्रीनागेंद्रगच्छे श्रीसिद्धसेनसूरिसंताने पार० चाहडभार्या सलषणया श्रेयोर्थं बिंबं कारितं।

[१] સંવત્ ૧૨૩૮ વર્ષમાં વૈશાખ સુદિ ૧૧ ગુરુવારે શ્રીનાગેંદ્રગચ્છમાં શ્રીસિદ્ધસેન-સૂરિના સંતાનમાં પારેખ ચાહડની સ્ત્રી સુલક્ષણાએ કલ્યાણ માટે બિંબ (મૂર્તિ) કરાવ્યું.

(२) ॥ संवत् १४७५ वर्षे श्रीश्रीमालज्ञातीय श्रे० देवड भा० देवलदे सुत चांपाकेन आत्मश्रेयोर्थं श्रीपद्मप्रभबिंबं कारापितं आगमपक्षीय भ० श्रीअमरसिंहसूरिभिः प्रतिष्ठितं ॥

[૨] સંવત્ ૧૪૭૫ વર્ષે શ્રી શ્રીમાલી જ્ઞાતિના શેઠ દેવડની સ્ત્રી દેવલદેવીના પુત્ર ચાંપાએ પોતાના કલ્યાણ માટે પદ્મપ્રભુની મૂર્તિ કરાવી. આગમ પક્ષના ભટ્ટારક શ્રી અમર-સિંહસૂરિએ પ્રતિષ્ઠિત કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(३) विक्रमसंवत् १४९५ वर्षे मारुतज्ञातीय श्रा० टबकू भ्रातृ मं० महिपा भा० लषमादे भा० शाणी पुत्र मं. बूटाकेन निजश्रेयोर्थं श्रीवर्धमानचतुर्विंशतिपट्टः कारितः प्रतिष्ठितः श्रीसूरिभिः ॥

[૩] વિક્રમસંવત્ ૧૪૯૫ વર્ષે મારુતજ્ઞાતિની શ્રાવિકા ટબકૂના ભાઈ મહેતા મહિપાની સ્ત્રી લખમાદેવી તથા શાણીના પુત્ર મહેતા બૂટાએ પોતાના કલ્યાણ માટે શ્રીવર્ધમાન જિન મુખ્ય ચોવીસ પટ્ટક કરાવ્યો. પ્રતિષ્ઠિત કર્યો શ્રીસૂરિએ.

(४) संवत् १५०६ वर्षे वैशाख सुदि ६ दिने श्री श्रीमालज्ञातीय सा० सरवण भार्या टीबू सुत देवराजेन भा. मटकू सु. जीवा मादा कुटुंबयुतेन स्वश्रेयसे श्रीअजितनाथबिंबं कारितं प्रतिष्ठितं तपा श्रीरत्नशेखरसूरिभिः ॥ श्रीः

[૪] સંવત્ ૧૫૦૬ વર્ષે વૈશાખ સુદિ ૬ દિવસે શ્રી શ્રીમાલી જ્ઞાતિના શા. સરવણની સ્ત્રી ટીબૂના પુત્ર દેવરાજે સ્ત્રી મટકૂ પુત્ર જીવા અને ભાદા કુટુંબ યુક્ત પોતાના કલ્યાણ માટે અજિતનાથની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠા કરી તપા શ્રી રત્નશેખરસૂરિએ.

(५) संवत् १५०८ वर्षे वै० सु० ५ वायडाज्ञातीय नटीपद्रवासि दो. कर्मसी भा० कर्मादे सुत दो० जूठाकेन भा० माणिकदे भ्रा० शिवा भा० वीजलदे पु० वीरुआ जेसिंगादिकुटुंबयुतेन स्वश्रेयसे श्रीधर्मनाथबिंबं का० प्र० तपा श्रीसोमसुंदरसूरिपट्टे श्रीमुनिसुंदर-सूरि—श्रीजयचंद्रसूरि—श्रीरत्नशेखरसूरिभिः ॥

[૫] સં. ૧૫૦૮ વર્ષે વૈ. સુ. ૫ વાયડા જ્ઞાતિના નડિઆદના વાસી કર્મસીની સ્ત્રી કમળાદેવીના પુત્ર દોસી જૂઠાએ સ્ત્રી માણેકદેવી અને ભાઈ શિવાની સ્ત્રી વિજલદેવીના પુત્ર વીરા અને જેસિંગ વગેરે કુટુંબયુક્ત પોતાના કલ્યાણને માટે શ્રી ધર્મનાથની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠિત કરી તપાગચ્છના સોમસુંદરસૂરિની પાટે શ્રીમુનિસુંદરસૂરિ શ્રીજયચંદ્રસૂરિ શ્રીરત્નશેખરસૂરિએ.

(६) ॥ संवत् १५०९ वर्षे ज्येष्ट व. ९ गुरौ ओसवालज्ञातीय मं. सारंग भार्या बाई संपूरी तयोः सुत मं. कुंरसी भार्या कुतिगदे तत्सुता गदानाम्न्या निजपितृमातृश्रेयोर्थं श्रीशांतिनाथबिंबं कारितं ॥ प्रतिष्ठितं श्रीवृद्धतपापक्षे गच्छनायक भ० श्रीरत्नसिंहसूरिभिः चतुर्विंशतिबिंबपट्टः संवत् १५९३ वर्षे फागण सुदि ६ शनु सा० जणदाससुत सा. कुंरा भाइ जांबा कमलदे जीरणबिंब परवेसे छपप्रवं पूजंतं ॥

[૬] સંવત્ ૧૫૦૯ વર્ષે જેઠ વદિ ૯ ગુરુવારે ઓસવાલ જ્ઞાતિના મહેતા સારંગની સ્ત્રી બાઈ સંપૂરી તેઓના પુત્ર મહેતા કુંરસીની સ્ત્રી કૌતુગદેવી તેની પુત્રી ગદા નામનીએ પોતાનાં પિતામાતાના કલ્યાણ માટે શ્રી શાંતિનાથની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠા કરી શ્રી વૃદ્ધ-તપાપક્ષના ગચ્છનાયક ભટ્ટારક શ્રી રત્નસિંહસૂરિએ. ચોવીસપટ્ટક સંવત્ ૧૫૯૩ વર્ષે ફાગણ સુદિ ૬ શનિવારે સા૦ જિણદાસના પુત્ર સા૦ કુંરા અને ભાઈ જાંબા ને તેની સ્ત્રી કમલાદેવીએ જૂની થએલી મૂર્તિને પ્રતિષ્ઠિત કરી પૂજી.

(७)संवत् १५१५ वर्षे फागण सुदि ९ रवौ श्री श्रीमालीज्ञातीय दो. फाचु भा० हरख

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सुत दो. जगा सुता जटकूनाम्न्या देवसीभार्यया आत्मश्रेयोर्थं श्रीअनंतनाथबिंबं कारापितं प्रतिष्ठितं श्रीवृद्धतपापक्षे श्रीजिनरत्नसूरिभिः।

[૭] સંવત્ ૧૫૧૫ વર્ષે ફાગણ સુદિ ૯ રવિવારે શ્રી શ્રીમાલી જ્ઞાતિના દો. ફાચૂની સ્ત્રી હરખુના પુત્ર દોસી જગાની પુત્રી જટકૂ નામનીએ–દેવસીની સ્ત્રીએ–પોતાના કલ્યાણ માટે શ્રીઅનંતનાથની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠિત કરી શ્રીવૃદ્ધતપાપક્ષના શ્રીજિનરત્નસૂરિએ.

(८) सं. १५२२ फा० शु० १० दिने प्राग्वाटज्ञाति श्रे० अर्जुन भा० तेजू पुत्र श्रे० नाभाकेन भा० चांदु पु० धना भ्रातृज कुडा मता सुता भोली प्रमुखकुटुंबयुतेन निजश्रेयसे श्रीमुनिसुव्रतबिंबं कारितं प्र० तपागछेश्वर श्रीरत्नशेखरसूरिप श्रीलक्ष्मीसागरसूरिभिः॥ श्रीसिहुलग्रामे॥

[૮] સં. ૧૫૨૨ ફા. સુ. ૧૦ દિવસે પોરવાડ જ્ઞાતિના શેઠ અર્જુનની સ્ત્રી તેજૂના પુત્ર શેઠ નાભાએ સ્ત્રી ચંદાના પુત્ર ધના અને ભત્રીજા કુડા મતા અને પુત્રી ભોલી વગેરે કુટુંબ યુક્ત પોતાના કલ્યાણને માટે શ્રીમુનિસુવ્રતની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠિત કરી તપાગચ્છેશ્વર શ્રીરત્નશેખરસૂરિની પાટે શ્રીલક્ષ્મીસાગરસૂરિએ. સુંઝગામમાં.

(९) संवत् १५२३ वर्षे वै० व० ४ गुरौ श्रीआणंदग्रामवास्तव्य प्रा० ज्ञा० श्रेष्ठि कुजा भा० डाडीनाम्न्या पतिश्रेयसे श्रीअजितबिंबं का० प्र० तपा श्रीलक्ष्मीसागरसूरिभिः सुधानंदनसूरि-श्रीरत्नमंडनसूरिपरिवृतैः॥

[૯] સં. ૧૫૨૩ વર્ષે વૈ. વ. ૪ ગુરુવારે શ્રીઆણંદગામવાસી પોરવાડ જ્ઞાતિના શેઠ કુજાની સ્ત્રી ડાડી નામનીએ પતિના કલ્યાણ માટે શ્રીઅજિતનાથની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠિત કરી તપા શ્રીલક્ષ્મીસાગરસૂરિએ સુધાનંદનસૂરિ અને રત્નમંડનસૂરિથી પરિવરેલાએ.

(१०) संवत् १५२८ वर्षे चैत्र वदि १० गुरौ॥ श्री श्रीवंशे। सो० मना भार्या रांमू पुत्र सो० मांडण सुश्रावकेण भा० लहिकू पुत्र सो० नरपति सो० राजा पौत्र वस्ता कीका सहितेन पुत्रवधू जसमादे पुण्यार्थं श्रीअंचलगच्छाधीश्वर श्रीजयकेसरिसूरीणामुपदेशेन श्रीसुम-तिनाथबिंबं का० प्र० संघेन।

[૧૦] સં. ૧૫૨૮ વર્ષે ચૈત્ર વદિ ૧૦ ગુરુવારે શ્રી શ્રીવંશમાં સોની મનાની સ્ત્રી રામૂના પુત્ર સોની માંડણ સુશ્રાવકે સ્ત્રી લહેકૂના પુત્ર સોની નરપતિ સોની જીવા સોની રાજા પૌત્ર વસ્તા કીકા સહિતે છોકરાની વહૂ જસમાદેવીના કલ્યાણને માટે શ્રી અંચલગચ્છના અધીશ્વર શ્રીજયકેસરિસૂરિના ઉપદેશથી શ્રીસુમતિનાથબિંબ કરાવ્યું. પ્રતિષ્ઠિત કર્યું શ્રીસંઘે.

(११) संवत् १५५९ वर्षे माघ वदि ४ सोमे ठयापल्लीवास्तव्य श्रीश्रीमालज्ञातीय श्रे० वरदे भा० सुहागदे सुत देवदत्त अदा देवदत्त भा० देवलदे पु० सोधर लघू सामला नरसिंगयुतेन स्वमातृश्रेयोर्थं श्रीविमलनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीवृद्धतपापक्षे श्रीलब्धि-सागरसूरिभिः॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૧૧] સંવત્ ૧૫૫૯ વર્ષમાં માહ વદિ ૪ સોમવારે ઠયાપલ્લીના રહેવાસી, શ્રીમાલજ્ઞાતિના શેઠ વરદેવની સ્ત્રી સુહાગદેવીનો પુત્ર દેવદત્ત અને અદા. દેવદત્તની સ્ત્રી દેવલદેવી પુ. સીધર લખૂ સામલ નરસિંહ યુક્ત પોતાની માતાના કલ્યાણને માટે શ્રી વિમલનાથની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠિત કરી શ્રી વૃદ્ધતપાપક્ષના શ્રી લબ્ધિસાગરસૂરિએ.

(१२) संवत् १५६१ वर्षे फागण शुदि ११ शूक्रे श्रीश्रीमालज्ञातीय सा० ढोला भा० माणिकदे सु० सा० गोविंद भार्या लाछी सुत सा० वस्ता भा० सोभागिणि सुत रायमल सा० वस्ताकेन श्रीअजितनाथबिंबं कारितं आत्मश्रेयसे प्रतिष्ठितं श्रीवृद्धतपागच्छे श्रीलब्धिसागरसूरिभिः ॥

[૧૨] સંવત્ ૧૫૬૧ વર્ષે ફાગણ સુદિ ૧૧ શુક્રે શ્રી શ્રીમાલજ્ઞાતીના શાહ ઢોલાની સ્ત્રી માણિકદેવીના પુત્ર સાહ ગોવિંદની સ્ત્રી લક્ષ્મીના પુત્ર શાહ વસ્તાની સ્ત્રી સોભાગિણીનો પુત્ર રાયમલ્લ. શાહ વસ્તાએ શ્રી અજિતનાથની મૂર્તિ પોતાના કલ્યાણ માટે કરાવી. પ્રતિષ્ઠિત કરી શ્રીવૃદ્ધતપાગચ્છમાં શ્રીલબ્ધિસાગરસૂરિએ.

(१३) संवत् १५६१ वर्षे वैशाख वदि ५ शुक्रे श्रीश्रीमालज्ञातीय श्रे० काहाना भा० ऊजी सुत कोइआ भा० लाषाई श्रेयोर्थं श्रीवासुपूज्यचतुर्मुखबिंबं कारितं प्रतिष्ठितं तपागच्छे श्रीहेमविमलसूरिभिः ॥ नडिआदवास्तव्यः ।

[૧૩] સંવત્ ૧૫૬૧ ના વર્ષમાં વૈશાખ વદિ ૫ શુક્રવારે શ્રી શ્રીમાલીજ્ઞાતિના શેઠ કાહાનાની સ્ત્રી ઊજીના પુત્ર કોઇઆની સ્ત્રી લાખાઇના કલ્યાણ માટે શ્રીવાસુપૂજ્ય ચતુર્મુખ મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠિત કરી તપાગચ્છમાં શ્રીહેમવિમલસૂરિએ. નડિઆદના રહેવાસી.

(१४) सं. १५६७ वर्षे मूलसंघे भ. विजयकीर्तिगुरूपदेशात् मं. शिवा भा. सहिजलदे सु. मं. हरपाल भा. वनादे सु. धना करणा कुंरपाल राम एते । श्रीआदिजिनप्रणमंति ॥

[૧૪] સં. ૧૫૬૭ વર્ષે મૂલસંઘમાં ભટ્ટારક વિજયકીર્તિગુરુના ઉપદેશથી મંત્રી શિવાની સ્ત્રી સહજલદેવીના પુત્ર મંત્રી હરપાલની સ્ત્રી વનાદેવીના પુત્ર ધના કરણા અને કુંરપાલ તથા રામ એઓ આદિ જિનને પ્રણમે છે.

(१५) संवत् १५९५ वरषे माघ वदि २ बुधे श्री श्रीमालज्ञाती सं. जीणदास सुत सा० वीरा भार्या बाइ कमलादे नाम्नी बिं. कारित श्रीआणंदविमलसूरिभिः प्रतिष्ठितः ॥ पार्श्वनाथ

[૧૫] સંવત્ ૧૬૯૫ ના વર્ષમાં માહ વદિ ૨ બુધવારે શ્રી શ્રીમાલજ્ઞાતિના સંઘવી જિણદાસના પુત્ર શાહ વીરાની સ્ત્રી બાઈ કમલાદેવી નામનીએ (પાર્શ્વનાથની) મૂર્તિ કરાવી. શ્રીઆનંદવિમલસૂરિએ પ્રતિષ્ઠિત કરી.

(१६) संवत् १५९८ वर्षे वैशाख सुदि ५ गुरौ श्रीश्रीमालज्ञातीय मंत्रि जावड भार्या जीवादे तत्सुत सा० धनजी भा० कुंअरिनाम्न्या स्वश्रेयोर्थं श्रीशांतिनाथबिंबं कारितं प्रतिष्ठितं सर्वसूरिभिः विधिना ॥ शुभं भवतु ॥

[૧૬] સંવત ૧૫૯૮ વર્ષે વૈશાખ સુદિ ૫ ગુરુવારે શ્રી શ્રીમાલજ્ઞાતિના મંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાવડની સ્ત્રી જીવાદેવી તેના પુત્ર શાહ ધનજીની સ્ત્રી કુંવરી નામનીએ પોતાના કલ્યાણ માટે શ્રીશાંતિનાથની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠિત કરી શ્રી સર્વસૂરિએ વિધિવડે. શુભ થાઓ.

(१७)....श्रीरुद्रपल्लीयगच्छे कारितं प्रतिष्ठितं श्रीजिनेश्वरसूरिशिष्य श्री रत्नप्रभसूरि ॥

[૧૭]........શ્રીરુદ્રપલ્લીગચ્છમાં કરાવ્યું. પ્રતિષ્ઠિત કર્યું શ્રીજિનેશ્વરસૂરિના શિષ્ય શ્રીરત્નપ્રભસૂરિએ.

(१८) ॥ संवत् १६६६ वर्षे फाल्गुन सुदि ३ शुक्रे नटीपद्रवास्तव....ज्ञातीय प० जावड भा० जसमादे सुत प० नाथजीकेन भार्या संपूरदे प्रमुखकुटंबयुतेन........तपागच्छेश भट्टारककोटीरहीर भट्टारक श्रीहीरविजयसूरीश्वरपट्टालंकार भट्टारक (पुरंदर श्रीविजयसेन) सूरि निर्देशात् श्रीविजयदेवसूरिभिः ॥ (મેડા ઉપરની પાષાણમૂર્તિની પાછળનો ભાગ.)

[૧૮] સંવત ૧૬૬૬ વર્ષે ફાગણ સુદિ ૩ શુક્રવારે નડિઆદના રહેવાસી...... નાતના પરીખ જાવડની સ્ત્રી જસમાદેવીના પુત્ર પરીખ નાથજીએ સ્ત્રી સંપૂરદેવી વગેરે કુટુંબ સાથે........ તપાગચ્છના ઈશ્વર ભટ્ટારકોના કોટીરહીર ભટ્ટારક શ્રીહીરવિજયસૂરીશ્વરપટ્ટાલંકાર ભટ્ટારકોમાં ઇંદ્રસમાન શ્રીવિજયસેનસૂરિના નિર્દેશથી શ્રીવિજયદેવસૂરિએ.[1]

(१९) ॥र्द०॥संवत् १६६६ वर्षे फाल्गुनसित तृतीया शुक्रे पारि पुनद सुत क्षत्रप नटपद्रवास्तव्य समस्तसंघेन स्वश्रेयसे श्रीहीरविजयसूरीश्वरपादुका कारितं प्रतिष्ठिते च श्री-तपागच्छे पातसाहि श्रीअकबरप्रतिबोधक श्रीशत्रुंजयादितीर्थकरमुक्तिकारक भट्टारकपरंपरापौलोमि पौलोमीप्राणप्रीय भट्टारक श्रीहीरविजयसूरीश्वरपट्टोदयाचलशिखरसहस्रकिरण श्रीअकबरप्रदत्त षड्जल्पस्फुरन्मान संप्रतिविजयमान भ. श्रीविजयसेनसूरीश्वरशिष्य श्रीविजयदेवसूरिभिः श्रेयोस्तु श्रीः ॥[2]

[૧૯] સંવત ૧૬૬૬ વર્ષે ફાગણ સુદિ ૩ શુક્રવારે, પારિ૦ પુનદનો પુત્ર ક્ષત્રપ નડિઆદના રહેવાસી સઘળા સંઘે પોતાના કલ્યાણ માટે શ્રી હીરવિજયસૂરીશ્વર પાદુકા કરાવી અને પ્રતિષ્ઠા કરી શ્રીતપાગચ્છમાં પાતશાહિ શ્રી અકબરપ્રતિબોધદાયક શ્રીશત્રુંજયાદિ તીર્થને કર મુક્ત કરનાર ભટ્ટારકપરંપરા રૂપઈંદ્રાણી, તે ઈંદ્રાણીને પ્રાણથી પણ પ્રીય ભટ્ટારક શ્રીહીરવિજયસૂરીશ્વરની પાટરૂપ ઉદયાચલના શિખર ઉપર સૂર્યસમાન અને અકબર બાદશાહે આપેલા છ ઢંઢેરાના ફરમાન જેમને મળ્યાં છે, તેમજ હાલમાં વિજયમાન ભટ્ટારક શ્રીવિજયસેનસૂરીશ્વરના શિષ્ય શ્રીવિજયદેવસૂરિએ. કલ્યાણ થાઓ શ્રીઃ ॥

અપૂર્ણ

---

૧ આ મૂર્તિ મેડા ઉપરના ગર્ભાગારમાં મૂલ નાયક છે ને તેનો લેખ પૂરતો પ્રકાશ અને જગ્યાની છૂટ હોવાથી સ્થિર હોવા છતાં પણ વાંચી શકાયો તેટલો અત્રે અવતારવામાં આવ્યો છે.

૨ આ અજિતનાથ દેવાલયની પાષાણની બે ત્રણ મૂર્તિઓ સિવાય સર્વ મૂર્તિઓની ગાદી ઉપર પાછલી બાજુ લેખો છે, પણ તે મૂર્તિઓ સ્થિર કરેલી હોવાના સબબે વાંચી શકાતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખિસકોલી સંબંધી જૈન ઉલ્લેખો

( લેખક—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. )

જેને આપણે ખિસકોલી કહીએ છીએ તેને માટે ગુજરાતીમાં ચાર પર્યાયો છેઃ (૧) ખલેડી, (૨) ખલેરી, (૩) ખિલકોડી અને (૪) ખિલોડી. મરાઠીમાં ખિસકોલીને 'ખાર' કહે છે. એવી રીતે હિન્દીમાં એને 'ગિલહરી' તેમજ 'ગિલ્લા,' ઉર્દુમાં 'ગિલેહરી,' સિન્ધીમાં 'નોરીઅળો' અને ઇંગ્રેજીમાં 'squirrel' કહે છે. આ squirrel માટે આપ્ટેકૃત ઇંગ્રેજી—સંસ્કૃત કોશમાં નીચે મુજબના ચાર શબ્દો જોવાય છેઃ—

કાષ્ઠમાર્જાર, કાષ્ઠબિડાલ, વૃક્ષશાયિકા અને ચમરપુચ્છ. જૈન શાસ્ત્રમાં જે પંચેન્દ્રિય તિર્યંચના પ્રકારો દર્શાવાય છે તેમાંના એકનું નામ 'ભુજપરિસર્પ' છે. એના ઉદાહરણ તરીકે, **પણ્હાવાગરણ** નામના દસમા અંગના ત્રીજા સૂત્રમાં **खाडहिला** શબ્દ જોવાય છે. આ અંગના ઉપર **અભયદેવસૂરિએ** વિવૃતિ રચી છે. એમાં ૧૦ અ પત્રમાં ઉપર્યુક્ત શબ્દ સમજાવતાં તેમણે નીચે મુજબ ઉલ્લેખ કર્યો છેઃ—

"**मुगुंसाः खाडलिल्लाकृतयः खाडहिलाः कृष्णशुक्लपट्टाङ्कितशरीराः शुन्यदेवकुलादिवासिन्यः वातोत्पत्तिका रूढ्यावसेयाः ॥**

આ ઉપરથી ખિસકોલીને શરીરે કાળા અને સફેદ પટા હોય છે અને એ શૂન્ય મંદિર વગેરેમાં વસે છે એ હકીકત જાણી શકાય છે. વિશેષમાં નોળિયાનો આકાર ખાડલિલ્લ (ખાડહિલ્લ)ને મળતો આવે છે એમ પણ જણાય છે.

**પણ્હાવાગરણ** ઉપર **જ્ઞાનવિમલસૂરિ**કૃત વૃત્તિ છે. એના ૮ અ પત્રમાં **कृष्णशुक्लपट्टाङ्कितरेखाः ['खसखली' इति भाषा]** " એવો ઉલ્લેખ છે. આ ઉપરથી આ સૂરિના સમયમાં વિ. સં. ૧૭૪૮ ની આસપાસમાં 'ખિસકોલી' માટે ગુજરાતી 'ખસખલી' શબ્દ વપરાતો હતો એ જાણવા મળે છે.

ચૂલિયાસુત્ત તરીકે સુપ્રસિદ્ધ **નંદીસુત્ત**ની ૬૪ મી ગાથામાં ઔત્પાતિકી બુદ્ધિનાં ઉદાહરણો જણાવતાં **खाडहिला**નો ઉલ્લેખ છે. એના ઉપર **યાકિની** મહત્તરાના **ધર્મસૂનુ હરિભદ્રસૂરિએ** વૃત્તિ રચી છે. તેમાં ૬૧ મા પત્રમાં આને લગતું કથાનક અમે **આવશ્યકમાં** અર્થાત્ **આવશ્યક ટીકામાં** કહીશું એમ તેમણે કહ્યું છે. **મલયગિરિસૂરિએ નંદીસુત્તની** વૃત્તિ ( પત્ર ૧૪૮ આ ) માં આ કથાનક આપ્યું છે. તેમાં એ વાત છે કે રાત્રિનો ત્રીજો પ્રહર પસાર થતાં રાજાએ ફરીથી **રોહક**ને પૂછ્યું કે હે રોહક! તું જાગે છે કે ઊંઘે છે? **રોહકે** જવાબ આપ્યો કે મહારાજ! જાગું છું. રાજાએ પૂછ્યું કે તો તું શો વિચાર કરે છે, **રોહકે** જવાબ આપ્યો કે ખિસકોલીનું જેવડું શરીર છે એવડું જ એનું પૂછડું છે કે નાનું મોટું? એ સાંભળી રાજા કશો નિર્ણય કરી શક્યો નહિ એટલે એણે **રોહક**ને પૂછ્યું કે તેં શો નિર્ણય કર્યો? એણે કહ્યું કે બંને સરખાં છે.

આ કથાનકમાં ખિસકોલી માટે **खाडहिला** એવો સંસ્કૃત શબ્દ વપરાયો છે, પણ તે કોઈ કોશમાં મારા જોવામાં નથી. **નંદીસુત્ત**ની કેટલીક ગાથાઓની સાથે **આવસ્સયનિજ્જુત્તિ**ની કેટલીક ગાથા તદ્દન મળતી આવે છે. આવી એક ગાથા તે ઉપર્યુક્ત ૬૪ મી ગાથા છે. એ **આવસ્સયનિજ્જુત્તિ**ની ૯૪૧મી ગાથાથી અભિન્ન છે. એના ઉપર **મલયગિરિસૂરિએ** ટીકા રચી છે. એના ૫૧૮ આ પત્રમાં રોહક તું શું વિચારે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ રાજા પૂછે છે. ત્યારે રોહક એ બાબત જણાવે છે: (૧) ખિસકોલીને કાળી રેખા કેટલી છે અને સફેદ રેખા કેટલી છે? (૨) એની પૂછડી મોટી છે કે એનું શરીર? કાળી અને સફેદ રેખા સરખી છે તેમજ પૂછડી અને દેહ પણ સરખાં છે, એમ રાજાના જવાબમાં રોહક કહે છે આ સમગ્ર કથાનક પાઇયમાં છે.

ઉપર્યુક્ત બન્ને પ્રશ્નોના ઉત્તરો [1]**આવસ્સયચુણ્ણિ** (પત્ર ૫૪૬) માં નજરે પડે છે. આ ચુણ્ણિના ૫૪૪ મા પત્રમાં જે **નંદીસુત્તની सिलमिंढ** વાળી ૬૪ મી ગાથા અપાયેલી છે તેમાં **खाडहिला** ને બદલે **खाहुला** શબ્દ વપરાયો છે. **વિસેસાવસ્સયભાસ** (ગા. ૩૦૪)ની મલધારી **હેમચન્દ્રસૂરિ**કૃત ટીકા (પત્ર ૧૭૯)માં નંદીસુત્તની આ ૬૪ મી ગાથા અવતરણ રૂપે અપાયેલી છે. એમાં **खाडहिला** શબ્દ છે,

કલિકાલસર્વજ્ઞ **હેમચન્દ્રસૂરિ**એ રચેલ **રયણાવલી** યાને **દેસીસદ્દસંગહ** (૨-૭૨) માં **खडहडी** શબ્દ વપરાયો છે. આ 'દેસી' શબ્દ છે. એટલે એનું સંસ્કૃત કે પાઇય મૂળ જાણવામાં નથી. 'ખિસકોલી' માટે મેં ઉપર જે ચાર સંસ્કૃત શબ્દો નોંધ્યા છે તે પણ આ શબ્દની વ્યુત્પત્તિ ઉપર કે એના પર્યાયરૂપ ખલેડી વગેરે ઉપર પ્રકાશ પાડતા નથી. એ શબ્દો પૈકી 'વૃક્ષશાયિકા' ખિસકોલીનો ઝાડ સાથેનો નિકટ સંબંધ સૂચવે છે—ખિસકોલી ઝાડ પર સૂઈ રહે છે એ વાતનું દ્યોતન કરે છે. એવી રીતે 'ચમરપુચ્છ' એની પૂછડીના સ્વરૂપ ઉપર પ્રકાશ પાડે છે. આ બંને હકીકત Squirrel ના નિમ્નલિખિત ઈંગ્રેજી અર્થમાં નજરે પડે છે:—

Kinds of rodent quadruped of active arboreal habits with bushy tails and pointed ears."

આ ઉપરથી ખિસકોલી એ ચોપગું પ્રાણી છે અને એના કાન અણીદાર છે એ બે બાબત પણ જાણી શકાય છે.

**ઉવએસપય** ઉપર **મુનિચન્દ્રસૂરિ**એ ટીકા રચી છે. એની ૭૧ મી ગાથા ઉપરની ટીકા (૫૪ આ પત્ર) માં **खाडहिला** શબ્દ સમજાવતાં તેમણે 'ભાષામાં એને **खिल्लहडिका** કહે છે' એ મતલબનો ઉલ્લેખ કર્યો છે. આ **खिल्लहडिका** તે **खिल्लहडी** નું રૂપાન્તર છે એમ જણાય છે. વિશેષમાં **खिल्लहडी** અને 'ખીલોડી' વચ્ચે મા દીકરી જેવો સંબંધ જણાય છે. એટલે 'ખિલોડી' ના મૂળ તરીકે હું અત્યારે તો **खिल्लहडी** શબ્દ સૂચવું છું. 'ખલેડી' અને 'ખલેરી'નું મૂળ પણ આ છે. 'ખિલકોડી' માટેનું મૂળ વિચારતાં **खिल्लहडी**ને અનુરૂપ સંસ્કૃત શબ્દમાં એક વિશેષ અક્ષર હોવો જોઈએ અને તે અક્ષર 'ખિલકોડી'માંના 'ક'ની ઉપપત્તિ માટે યોગ્ય હોવો જોઇએ એમ લાગે છે. આમ માનતાં એમ કહેવાય કે **खिल्लकहडी** જેવા પાઇય શબ્દનું સંસ્કૃત સમીકરણ ખિલકોડીનું મૂળ હશે અને એમાંથી **खिल्लहडी** જેવો શબ્દ જન્મ્યો હશે, અને એ આગળ ઉપર ખિલેડી અને ખલેરી રૂપે પરિણમ્યો હશે.

---

૧ **વિસેસણવઇ** (ગા. ૩૧) માં **સામાઇયચુણ્ણિ**નો ઉલ્લેખ છે. **ઋષભદેવ**ના આઠ ભવને અંગે આ આઠ ભવવાળી હકીકત આ ચુણ્ણિમાં મળે છે તો આ બે ચુણ્ણિ એક ગણાય તો કેમ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जीवके कर्मबन्ध और मोक्षका अनादित्व

( लेखकः--पू. आचार्य महाराज श्री जिनहरिसागरसूरीश्वरजी )

( गतांकसे पूर्ण )

## जीव, अजीव और उनका लक्षण

जीव और अजीव–इन दोनो प्रकारके द्रव्योंका संयोग–वियोग ही संसार नामसे पुकारा जाता है। संयोग–वियोय भी सकारण ही हुआ करते हैं। जब तक कर्ता वैसे कारणोंका उपयोग करता रहेगा तब तक संयोग–वियोग रूप कार्य बनते ही रहेंगे। वैसे कारणोंका उपयोग बन्द होनेसे कार्य अपने आप बंद हो जायेंगे। **न रहेगा बाँस न बजेगी बांसुरी।** उस अवस्थाको मोक्षके नामसे पुकारा जाता है।

जीव साधारण रूपसे चेतनावाला, कर्मोंका करनेवाला, कर्मफलोंका भोगनेवाला, और कर्मोंका अंत करनेवाला होता है। जीव संख्याकी दृष्टिसे अनंत व प्रतिशरीर भिन्न २ होते हैं। कर्मसंबद्ध जीव अनादि कालसे रूपी बना हुआ है। यदि कर्ममुक्त हो जाय तो वही अरूपी हो जाता है। कर्मोंके बन्ध और मोक्षमें जीवको अनुकूल और प्रतिकूल १–काल, २ स्वभाव, ३ नियति, ४ पूर्वकृत कर्म व ५ पुरूषं ये पांच निमित्त कारण साधक और बाधक हुआ करते हैं।

अजीव असाधारण रूपसे अचेतन होता है। अजीव रूपी अरूपी दोनों प्रकारका होता है। अजीवद्रव्यके १ धर्मास्तिकाय, २ अधर्मास्तिकाय, ३ आकाशास्तिकाय, ४ पुद्गलास्तिकाय व ५ काल ये पांच मुख्य भेद हैं। जीवको बन्धनकर्ता कर्म पुद्गलद्रव्यकी रचना है।

## जीव और कर्म

इन दोनोंका संयोग–संबंध अनादि कालसे प्रवाह रूपमें चला आ रहा है। इस प्रवाहके मूल कारण जीवका अपना अज्ञान–मिथ्यात्व, अविरति, कषाय और योग ही माने गये हैं।

---

આમ ખિસકોલીના પર્યાયોનાં મૂળ તો કામ ચલાઉ સ્વરૂપમાં જે હું સૂચવી શકું છું, પણ ખિસકોલી માટે તો કોઈ વજનદાર કલ્પના જે સૂઝતી. નથી.[२] એટલે 'ખાખરની ખિલોડી સાકરનો સ્વાદ શું જાણે' એ કહેવત ઉપરથી, ખિસકોલીને ખાખર (સં. પલાશ) ના ઝાડ સાથે ગાઢ સંબંધ હશે એમ ભાસે છે એ સૂચવી વિરમું છું.

ગોપીપુરા સુરત. તા. ૨૬–૧૧–૪૫

---

૨ એ બડી રમુજ માટે સૂચવવું હોય તો **क्षुद्रकोल** જેવો શબ્દ સૂચવું. **कोल**નો અર્થ પાઇયમાં ઉંદરના આકારનું એક પ્રાણી એવો થાય છે. **क्षुद्रकोल** માટે **खुद्दकोल** એવું પાઇય સમીકરણ શક્ય છે. **खिसू**નો અર્થ ખસવું, સરકવું એવો થાય છે. તો શું 'કોળાને' મળતું આવતું અને આમથી તેમ દોડાદોડ કરતું પ્રાણી તે ખિસકોલી એમ કહેવાય? જો એમ માનવું યુક્તિયુક્ત હોય તો **खिसकोल** જેવો કોઈ પાઇય શબ્દ એનો પૂર્વજ ગણાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इन मूल कारणोंके एकान्तिक रूपसे मिटजाने पर, जीवका कर्मोंके क्लेशोंसे छुटकारा हो जाता है; उसीको मोक्ष कहते हैं। मोक्ष होने पर कर्मबन्धनके योग्य कारणोंका आत्यन्तिक अभाव होनेसे मुक्त जीव संसारमें वापस नहीं आता।

## संयोग और वियोग

यह १ अनादी अनंत, २ अनादि सांत, ३ सादि अनंत, ४ सादि सांत, ऐसे चार प्रकारसे होता है। इन चारों प्रकारोंको समझानेके लिए ही उपरकी बातें मोटे रूपमें बताई गई हैं। कर्ता कारण और कार्यको समझे बिना उपरके चार प्रकार समझमें नहीं आते। कर्ता—स्वयं जीव है। कारण काल, समाव, नियति, पूर्वकृत कर्म और पुरुषार्थ ये पाँच हैं। कर्ता उस प्रकारके कारणोंको पाकर अनादि कालसे अच्छे बुरे कार्य्योंको करता है। उन कार्योंके द्वारा आत्मा अच्छे बुरे पुद्गलोंको अपनाता है। उन अपनाये हुए पुद्गलोंको जैन शास्त्रोंमें कर्मके नामसे सूचित किया है।

## कर्मपुद्गलकी विशेषता

कर्म पुद्‌गलकी विशेषता जैसी जैन दर्शनमें निरूपित है वैसी अन्यत्र देखनेको नहीं मिलती। वैसे कर्मको प्रत्येक दर्शनने मंजूर किया है, परंतु किसीने क्रियामात्रको कर्म कहा, तो किसीने अनुष्ठान विशेषको कर्म कहा, और उसके फलादेशके समय ईश्वरको संकल्पित करके संसारको रचना, कर्मफलोंको देना, आदि कार्य उसके आधीन कर दिये। उस हालतमें ईश्वरकी प्रेरणासे ही जीव स्वर्गमें या नरकमें जाता है—ऐसे सिद्धांतोंकी रचना (ईश्वर-प्रेरितो गच्छेत् स्वर्गं वा श्वभ्रमेव च—) भी उन २ दर्शन ग्रंथोमें देखी जाने लगी। अस्तु!

## जैन दर्शनमें ईश्वर

जैन दर्शनमें ईश्वर किसी एकको मंजूर नहीं किया। न जगत्कर्ता रूपसे ही उसे कोई महत्त्व दिया। न वह कर्मफलोंका दाता ही माना गया। जगत और उसमें होनेवाली प्रत्येक घटना प्रकृतिको पूर्वसूचित काल स्वभाव नियति पूर्वकृत कर्म और पुरूषार्थकी उपज मात्र मानी गई है। ईश्वर ऐसे प्रपंचोंमें नहीं पड़ा करता। प्रत्येक आत्मामें परमात्मता छिपी हुई है। उसे व्यक्त करनेपर आत्मा परमात्मा हो जाता है। अनादि कालकी अपेक्षासे अनंत परमात्मा हो गये हैं, और भविष्यमें भी अनंत परमात्मा होंगे।

## जीव और कर्मोंका संबंध

जीव और कर्मोंका संबंध अनादि कालसे चला आ रहा है। जीव और कर्ममें से किसी एककी पहिले या पीछे उत्पत्ति नहीं हुई। समय २ पर पुराणे कर्म, अपनी संतान परंपरा छोड़ते हुए, क्षीण होते जाते हैं। यह कर्मोंकी संतानपरंपरा तब तक बराबर जारी रहेगी,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जब तक कि उसके अनुकूल उन काल–स्वभाव आदि पाँच कारणोंकी परंपरा बनी रहेगी। अनादिसे जारी रहनेवाला कर्मसंबंध कितनेक जीवोंके साथ अनंत काल तक रहेगा। यह पहला भंग १ अनादि अनंत कहा जाता है।

## संसारी जीव

संसारी जीव अपने शरीरके प्रमाणमें ही फैला हुआ रहता है, रबरके फीतेकी मिसाल उसमें घटित नहीं होती। क्योंकि वह तोड़ा जा सकता है। कर्म परमाणुओंके समवायसे फीता बनता है। अतः प्रति परमाणु रूपमें वह टूट २ कर बिखर सकता है। जीव टूटता नहीं। न वह टूट २ कर बिखरता ही है। सूक्ष्मातिसूक्ष्म और स्थूलातिस्थूल रूपमें भी वह एक और अखंड ही बना रहता है। इस हालतमें जीव स्वभावसे ही आदि और अंत रहित है।

## अनादि अनंत

अनादि अनंत कालकी सत्तावाले जीवके साथ कर्मोंका संयोग प्रवाह रूपसे अनादि कालसे चला आ रहा है। जैसे एक मुर्गी कई अंडोकी जननी होती है, वैसे ही पूर्व कर्म-संयोग, कारणोंके रहते हुए, नये कर्मसंयोगोंका जनक होता जाता है। मुर्गीसे अंडा, अंडेसे मुर्गी, यह प्रवाह अनादि कालसे चला आ रहा है वैसे ही पूर्वा पर कर्म संयोग–वियोग का तांता अनादि कालसे प्रवाह रूपसे चला आ रहा है। सभी अभव्य जीवोंके साथ, एवं कितने ही भव्य जीवोंके साथ, प्रवाह रूपसे आनेवाला अनादि कर्मसबन्ध अनंत कालतक होता रहता है। ऐसे सम्बन्धको शास्त्रोंमें "अणाइया अपज्जवसिया" कहा जाता है।

## संयोगके पूर्व

संयोगके पूर्व उसके नये कर्मसंयोगका सर्वथा वियोग होता ही है। उसे तार्किक परिभाषामें प्रागभाव कह सकते हैं। प्राक् अभाव कारणोंके द्वारा कर्मसंयोग हो जाने पर मिट जाता है। मिट्टीमें घरका प्रागभाव होता है। कुम्हार आदि कारणोंके मिलने पर मिट्टी से घरका प्रादुर्भाव होते ही अभाव रूपमें परिणत हो जाता है। पुराने कर्मके संयोगका वियोग होता है, और वही वियोग नये कर्मोंके संयोगका हेतु हो जाता है। इस तरह जन्यजनक भावका तांता अनादि कालसे प्रवाहरूपसे चला आता है। अनंत काल तक वैसे हेतुओंके बने रहनेसे चलता रहेगा। अतः जैन सिद्धान्तसंमत "अणाइया अपज्जव-सिया" भंग बुद्धिवादकी पक्की कसौटी पर कसा हुआ ठीक प्रतीत होता है।

## 'अणाइया सपज्जवसिया'

'अणाइया सपज्जवसिया' जिसकी आदि तो नहीं, किन्तु अंत हो जाता है। जैसे कि भव्य–मुक्त होनेवाले जीवोंका कर्मोंके साथ संयोग अनादिकालसे प्रवाह रूपसे चला

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आ रहा है, परंतु वैसे कर्मबन्धक कारणोंके मिट जानेसे और मुक्तिके अनुकूल कर्मनाशक–कारणोंके पैदा हो जानेसे प्रवाह रूपसे अनादि उस कर्मसंयोगका अंत हो जाता है।

तार्किक परिभाषामें इसको प्रध्वंसाभाव कहा जाता है जो सदसत् अर्थात् पूर्वमें था बादमें मिट गया। भव्य जीवोंका कर्मसंयोग अनादि सांत माना जाना है। इस दूसरे भंग की विवेचना भी सुसंगत बुद्धिगम्य होती है। सदासे ऊगनेवाला बीज भून जाने पर फिर नहीं ऊगता। इस ढंगके उदाहरण इस भंगको समझनेमें उपयोगी होते हैं।

## प्रवाह रूपसे अनादि कर्म

प्रवाह रूपसे अनादि कर्मसंयोग के मिट जाने पर जीव मुक्त हो जाता है। जीवकी यह अवस्था साइया अपज्जवसिया मानी जाती है। हर एक मुक्त जीवकी मुक्ति होनेकी आदि होती है पर इस मुक्तताका कभी अंत नहीं होता। क्योंकि मुक्त हुए बाद कर्मबन्धनका कोई हेतु बाकी नहीं रह जाता। यह बात अभ्रान्त रूपसे कही जा सकती है, कि **"छिन्ने मूले कुतः शाखा."**

## सादि सांत भंग

यह भंग जिसकी आदि भी है, और अंत भी है, ऐसी अवस्थामें लागु होता है। सम्यक्त्वसे पतित जीवके मिथ्यात्वकी आदि भी है, और अर्द्धपुद्गल परावर्त्त प्रमाण कालमें अवश्य ही मुक्ति प्राप्त होगी। उस समय उस मिथ्यात्वका अंत भी हो जायगा। शास्त्रीय परिभाषामें इसे साइया सपज्जवसिया कहा गया है। साइया अपज्जवसिया और साइया सपज्जवसिया भंगोंमें तार्किक परिभाषाके अत्यन्ताभाव और अन्योन्याभाव लागु होते हैं।

मुक्त जीवोंकी मुक्ति यदि आदि वाली और अनंत मानी जाती है, तो क्या कोई ऐसा समय भी था, जब मुक्तिमार्ग ही नहीं था? इसके जवाबमें प्रतिमुक्तव्यक्तिकी अपेक्षा मुक्तिकी आदि है, परंतु समूहरूपसे मुक्त जीवोंकी विचारणामें अनंतकालीन मुक्तिके प्रवाहको हमें नहीं भूलना चाहिए और वह मुक्तिका प्रवाह अनंत कालसे प्रस्तुत है। अतः मुक्तिमार्ग किसी समय नहीं था, ऐसा नहीं हो सकता। मुक्त जीव स्वयं सादि अनंत भंग में स्थित हैं, और मुक्तिका मार्ग, प्रवाहरूपसे अनादि अनंत भंगमें।

## अनादि बंध या मुक्ति ?

यदि स्थिर चित्तसे इसका विचार किया जाय तो यह निश्चितरूपसे कहा जा सकता है, कि प्रवाहरूपसे बंध अनादि है, और मुक्ति भी अनादि ही है। यह एक ऐसी समस्या है, जिसको स्थूल बुद्धिसे सोचने पर कुछ उलझनसी पैदा होगी। जैसे कि:—जो बना है वह बिगड़ेगा, और जो बना नहीं वह बिगड़ेगा भी नहीं। जो आया है वह जावेगा, और जो आया नहीं वह जायगा भी नहीं। जिसकी आदि है उसका अंत भी है, जिसकी आदि नहीं,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उसका अंत भी नहीं। यह उलझन द्रव्य, गुण और पर्यायोंको भलीभांति न समझनेसे ही होती है। उदाहरणके लिए बनना और बिगड़ना, अथवा जाना या आना अपेक्षा दृष्टिसे द्रव्यकी पर्यायें हैं। दूध रूपसे बिगड़नेवाला द्रव्य दही रूपसे बनता है और दही रूपसे बिगड़नेवाला द्रव्य छाछ रूपमें–मक्खन रूपमें बन जाता है। द्रव्य अपने रूपमें अर्थात पुद्गल रूपमें न कभी बनता है न कभी बिगड़ता है। पर्याय–अवस्था विशेष–बनता भी है और बिगड़ता भी है। ठीक इसी तरह जोधपुरवालोंकी दृष्टिसे जिनदासका जाना होता है तो जयपुरवालोंकी दृष्टिसे आना होता है। जिनदास नामक जो द्रव्य है उसमेंसे न कुछ गया, और न कुछ आया ही। बनना बिगड़ना और जाना आना ये क्रियाके रूपान्तर मात्र हैं।

## आदि अन्तकी कल्पना

यह कल्पना अवस्था विशेषको लक्ष्यमें रखकर ही की जाती है। अवस्था विशेष भी सूक्ष्म और स्थूल दो तरहके होते हैं। सूक्ष्म अवस्था विशेष प्रति समय होते ही जाते हैं। **भगवान् उमा स्वातिजीके तत्त्वार्थाधिगमसूत्रका**–"उत्पाद–व्यय–ध्रौव्ययुक्तं सत्"–सूत्र समझना चाहिए। प्रतिक्षण नये पर्यायोंका उत्पादन और पूर्व पर्यायोंका व्यय–नाश होते हुए भी सद् द्रव्य ध्रुवतावाला होता है। जीव द्रव्य संसारमें रहते हुए संसारी अवस्था वाला होता है। और वही मुक्त होनेसे मुक्त अवस्था वाला हो जाता है। संसारी और मुक्त ये दोनों जीवद्रव्यकी स्थूल अवस्थाएं हैं। उनकी सत्ता भी उन २ कारणों पर निर्भर रहती है। संसारके कारणोंके रहते हुए संसारी अवस्था रहती हैं और उन कारणोंके मिट जाने पर उसका भी अंत हो जाता है।

## संसारी और मुक्त

ये दोनों अवस्थाएं प्रवाहरूपसे अनादि अनंत होतीं हैं। जैन दर्शन अपेक्षाप्रधान दृष्टिसे देखनेके लिए हमें प्रेरित करता है इसलिए परीक्षाप्रधान बुद्धिवालोंको वह अपनी ओर आकर्षित करता है। कालके प्रभावसे पड़ौसी दर्शनोंके प्रसंग एवं राजनैतिक और सामाजिक क्रान्तियोंके विषम वायु मण्डलमें उसके साहित्यका काफी अंग भंग हुआ है। फिर भी मौलिक तत्त्वोंकी विचारणामें वह अपनी सानी नहीं रखता।

**कर्मबन्धन और मोक्ष**–इन दोनों अवस्थाओंके अनादित्वकी आलोचना जैन दृष्टिसे इस लेखमें की गई है। इससे संबंध रखनेवाली दूसरी आलोचनाएं–जैसी कि १ संसारका कर्ता कौन? कर्मोंका फलदाता कौन? मुक्त जीव केवलज्ञानी संसारके आदि अंतको देख सकते हैं या नहीं? अगर देख सकते हैं तो संसारको अनादिता कैसी? नहीं देख सकते तो ज्ञान-पूर्णता कैसी? केवलज्ञान पूर्ण या अपूर्ण? मुक्त जीव संसारमें वापस कर्म बन्धन करते हैं या नहीं? आदि २ हैं। उनकी विचारणा आगामि अंकोंमें करनेकी भावना रखता हूं।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैसलमेरके जैन ज्ञानमंडारोंके
# अन्यत्र अप्राप्य ग्रन्थोंकी सूची

संग्राहक – श्रीयुत अगरचंदजी नाहटा

राजपूतानेमें प्राचीन जैन ज्ञानभंडारोंके लिये जैसलमेर बहुत प्रसिद्धिप्राप्त स्थान है। ताड़पत्रीय प्राचीन हस्तलिखित प्रतियोंके लिये तो पाटणके बाद यहींका नम्बर आता है। यहाँके जैन मंदिर भी बड़े कलापूर्ण हैं, पर खेद है कि वे इतनी प्रसिद्धि न पा सके। कई वर्षोंसे हमारा विचार इस तीर्थभूमिकी यात्राका था, जो श्रावण सं. १९९९ में सफल हुआ। हमने वहाँ जाकर वहाँके समस्त जैन भंडारोंका अवलोकन किया एवं अप्रकाशित शिलालेखादिकोंकी नकलें की। इस यात्रामें हमारे २५ दिन बड़े आनंदमें व्यतीत हुए। हमारे परिश्रमका लाभ सभी साहित्यिक विद्वान शीघ्र ही उठा सकें अतएव हमने ३-४ लेखोंद्वारा आवश्यक ज्ञातव्य प्रकाशित करनेका निश्चय कर पहला लेख जैसलमेरके नवीन प्राप्त ताड़पत्रीय प्रतियोंके सम्बन्धमें लिखा है, जो 'अनेकान्त'के अगले अंकोंमें प्रकट होगा। दूसरा लेख ताड़पत्रोयके अतिरिक्त कागज पर लिखी हुई प्रतियोंमें से अप्रसिद्ध ग्रन्थोंके परिचय स्वरूप यह लिखा जा रहा है। तीसरे लेखमें अप्रकाशित जैन प्रतिमालेखोंको प्रकाशित किया जायगा, जो यथासमय प्रगट होगा।

इस लेखमें मैं उन्हीं अलभ्य ग्रन्थोंकी सूची दे रहा हूँ जिनका उल्लेख स्व. श्रीयुत मोहनलाल दलीचंद देशाई सम्पादित 'जैन साहित्यनो संक्षिप्त इतिहास' एवं 'जैन गुर्जर कविओ भा. १-२-३' में नहीं आया है। इनमेंसे कई ग्रन्थोंकी प्रतियें बीकानेरादिमें भी उपलब्ध हैं पर जैन साहित्यके कोषरूप उक्त ग्रन्थोंकी पूर्तिरूपमें ही उनमें अनिर्दिष्ट समस्त ग्रन्थोंकी सूची दे रहा हे।

जैसलमेरके चार (नं. १-२-६-७) भंडार तो पूर्व प्रसिद्ध हैं, उनके अतिरिक्त तीन भंडार हमने नये ही देखे अर्थात् उनके ग्रन्थोंके सम्बन्धमें अभीतक किसी व्यक्तिने कोई प्रकाश डाला नजर नहीं आया। इस सूचीमें उन सातों भंडारोंकी संज्ञा इस प्रकार दी गई है।

१ बड़ा = बड़ा भंडार जो कि किल्ले पर सुरक्षित है। इसी भंडारके अंतर्गत कई बंडल पेढ़ीमें पड़े थे उनकी संज्ञा 'पे' शब्दसे दी गई है। ये दोनों संघके निरीक्षणमें हैं।

२ डूं = डूंगरसीजीका भंडार जो अभी यतिवर वैलजोके हस्तक है।

३ वृ = यतिवर्य वृद्धिचंद्रजीका भंडार जो खरतरगच्छके बड़े उपाश्रयमें है।

४ पं. = पंचायतीका भंडार–भी बड़े उपाश्रयमें है एवं खरतर संघके हस्तक है।

५ आ. = आचार्यशाखा ( खरतरगच्छ ) के उपाश्रयमें है। यह उस शाखाके श्रावकोंके आधीन है। इस उपाश्रयमें यति चुन्नीलालजीका भी थोडा संग्रह है जिनकी संज्ञा "चुन्नो" है।

६ तपा = तपागच्छके उपाश्रयमें उस गच्छके श्रावकोंके आधीन है।

७ था = थाहरू शाहका भंडार उनके उपाश्रयमें है और उनके वंशज जुहारमलजीके हस्तक है।

इनमेंसे नं. १ और ४की सूची यति लक्ष्मीचंद्रजीने की है पर नं. १की त्रुटित प्रतियाका विवरण उसमें नहीं है, वह आवश्यक है। नं. ५को छोड़ अवशेष भंडारोंकी सूची नाम मात्रकी पुराने ढंगकी है। नं. ६ के भंडारकी सूची

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अपूर्ण है । सकडों प्रतियें बिना सूची व बिना वेष्टनादि व्यवस्थाके पड़ी हैं उनकी व्यवस्था एवं सूची होना आवश्यक है । नं. १के अन्तर्गत पेढीके बंडलोंको सूची श्रीजिनहरिसागरसूरिजीने की है । नं. ५ व उसके अन्तर्गत चुन्नीलालजीके संग्रहको कोई सूची नहीं है । इनके अतिरिक्त लोंकागच्छके उपाश्रयमें कुछ प्रतियें हैं, पर वे हम देख न सकें । अब इन भंडारोंके अन्यत्र अप्राप्य ग्रन्थोंकी सूची विषय विभाजित करके नीचे दी जाती है—

## आगम प्रकरणादि

| | | | |
|---|---|---|---|
| १ | कल्पसूत्रटीका | ब्रह्म (सं. १६७१ लिखित) | बृ. |
| २ | कल्पांतर्वाच्य | जिनहंससूरि | बृ. |
| ३ | ,, | बेगड़ जिनसमुद्रसूरि | बृ. |
| ४ | कल्पसूत्र बालावबोध (कालिकाचार्य कथा सह) | ,, | डूं. |
| ५ | सूयगडांग बालावबोध | बेगड़ जिनउदयसूरि (सं. १७९८ लि.) | डूं. |
| ६ | उत्तराध्ययन बालावबोध | पार्श्वचंद्र गच्छ आजिचंद्र | बृ. |
| ७ | स्थानांगदीपिका | ,, मेघराज | बृ. |
| ८ | चउसरण टबा | मुनि मेरु | तपा. |
| ९ | क्षेत्रसमास बालावबोध | ख० रत्नसमुद्रशि. खेम | बृ. |
| १० | लघुसंघयणी बालावबोध | मतिचंद्रकृत पत्र ४२ | बृ. |
| ११ | जंबूद्वीप संग्रहवृत्ति | मू. हरिभद्रसूरि टी. प्रभानंदसूरि (कृष्णर्षिगच्छ) | पं. |
| १२ | आवश्यक बालावबोध | संवेगदेव सं. १५१४ | पं. |
| १३ | संग्रहणि अवचूरी | खर० साधु सोम सं. १५०१ लि. पत्र १० | पं. |
| १४ | उपदेशमाला टबा | खर. विमलकीर्ति | पं. |
| १५ | ,, संस्कृत टबा | शिवनिधान | बृ. |
| १६ | पांच चरित्र ३६ द्वार वाला | खर. रामचंद्र सं. १९०० का. व. २ | बृ. |
| १७ | सप्तनय बालावबोध | मतिचंद्र | बृ. |
| १८ | सिंदूरप्रकरवृत्ति | मलधारी गुणकीर्त्तिसूरि पत्र १५ | बृ. |
| १९ | संबोधसत्तरी बालावबोध | ख. मेरुसुन्दर | बृ. |
| २० | नवतत्त्व वृत्ति | नेतृसिंह (पार्श्वचंद्रगच्छ) | बृ. |
| २१ | विचारछत्तीसी (१ से ३६ बोध) | मयरचंद्र सं. १६४५ विजयादशमी डूं. | बृ. |
| २२ | धर्मचतुस्त्रिंशिका टबासह | लुंका तेजसिंह सं. १७६२ पो. सु. १५ | बृ. |
| २३ | सार समुच्चय | कुलभद्र पत्र १७ | तपा. |
| २४ | दर्शनशुद्धिवृद्धि पत्र ३१२ | श्रीतिलकाचार्य | तपा. |
| २५ | चैत्यवंदनक | जिनेश्वरसूरि | था. |
| २६ | गणधरसार्द्धशतक संक्षिप्त वृत्ति | ख. सर्वराजगणि | तपा. |
| २७ | पंचलिंगी संक्षेपवृत्ति | ,, | तपा. |
| २८ | धर्मोपदेशचिन्तामणि (प्राकृत) | पत्र २२ | तपा. |
| २९ | दानादिकुलक टबा | तपा. विजयकुशल | तपा. |
| ३० | तीन कर्मग्रन्थ टबा | तपा. कल्याणनिधानकृत | डूं. |
| ३१ | जीवाभिगम टबा | तपा. धनविजय | डूं. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ३२ उपधानविधि | ख. शिवनिधान | आ. |
| ३३ वीसस्थानक तपविधि | ज्ञानसागर शि.सं.१८२९ मि.व.१० मकसुदाबाद | वृ. |
| ३४ स्नात्रपंचाशिका | तपा. शुभशील पत्र ९ | आ. |
| ३५ नवतत्त्व अर्थ | तपा. मालविजय पत्र ५० | बड़ा |
| ३६ शांतिपर्वविधि | जिनदत्तसूरि | था. |
| ३७ पार्श्वनाथ १० भव बालावबोध | पद्ममंदिर | पं. |
| ३८ प्रज्ञापनातृतीय पद संग्रहणी अवचूरि | कुलमंडण | पं. |
| ३९ धर्मशिक्षावृत्ति | जिनपालोपाध्याय सं. १२९३ | पं. |
| ४० विचारआलावा | गुणरत्नसूरि | पं. |
| ४१ ऋषिमंडल बालावबोध | ख. हर्षनंदन (अपूर्ण) | बड़ा |
| ४२ शत्रुंजयलघुमाहात्म्य | जिनभद्रसूरि श्लो. १३५ | बड़ा |
| ४३ सामायिक वचनिका | जैवंत (दि.) पत्र ८२ | तपा. |

## स्तोत्रादि फुटकर

| | | |
|---|---|---|
| १ भावारिवारणवृत्ति | मेरुसुन्दर पत्र ९ | वृ. |
| २ देवाप्रभोस्तोत्रवृत्ति | मू. जयानंदसूरि | वृ. |
| ३ भक्तामरव्याख्या | शुभवर्द्धन ग्र. १५०० सं. १५२-पत्र ३८ | वृ. |
| ४ कल्याणमंदिरवृत्ति | देवतिलकसूरि | आ. |
| ५ उपसर्गहर बालावबोध | ख. पद्मराज सं. १६४६ जैसलमेर पत्र ५ | वृ. |
| ६ भयहरवृत्ति | (जिनप्रभसूरि वृत्तिके अनुसार अन्यकृत) | बड़ा |
| ७ सतस्मरण लघुशांतिवाला | ख. कमलकीर्ति सं. १६८७ वै. सु. ९ (महिमनगर श्री. सूजीके लिये ग्रं. २०००) | डूं. |
| ८ विज्ञप्ति द्वात्रिंशिका | रूपचंद्र | पं. |
| ९ स्तोत्रसंग्रह पत्र ५ | साधुसोम | पं. |
| १० स्तोत्रसंग्रह आदि | (सं १३८४-८७ लि.) | बड़ा |
| ११ ,, | (सं. १४३७ लि.) | पं. |
| १२ ज्ञानविलास प्रश्नोत्तरी | नवलराम भंडारी | सु. |
| १३ षट्दर्शन आलोचना | ,, | सु. |
| १४ सुभाषित गा ७० | गुणाकरसूरिशि. | तपा. |
| १५ आत्मप्रबोध पत्र १६ | (कई इक्कीसी पचीसी बत्तीसी रूप) | वृ. |
| १६ नमस्कार माहात्म्य | सिद्धसेन | था. |

## कथा व्याख्यान चरित्र संस्कृत

| | | |
|---|---|---|
| १ धर्मदत्तकथा | तपाविनयकुशल श्लो. ८३५ सं. १६४३ पत्र ३० | वृ. |
| २ जवराजर्षिकथा | चंद्रशेखरसूरि | वृ. |
| ३ पृथ्वीचंद्रचरित्र | लब्धिसागरसूरि | वृ. |
| ४ मौनएकादशी कथा | ख. जीवराज सं. १७८२ ? बीकानेर | वृ. |

*खेद है कि इस प्रतिमें जिनेश्वरसूरिचरित्र गा. ३० एवं. सं. १३८७ वाली प्रतिमें जिनपतिसूरि पंचाशिका, जिनप्रबोधसूरिबहुत्तरी, जिनचंद्रसूरि बहुत्तरी आदिका उल्लेख इन दोनों प्रतियोंकी सूचीमें है पर वे पन्ने गायब है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ५ शीलवती कथा | रुद्रपल्लीय आज्ञासुंदर श्लो. ३८७ सं. (१५)६२ पत्र १२ | तपा. |
| ६ मलयसुंदरी चरित्र | आगमिक जयतिलकसूरि | तपा. |
| ७ मलयसुंदरी कथोद्धार | बा. धर्मचंद्र | तपा. |
| ८ दीपालिका व्याख्यान (गद्य) | प्रेमसागरशि० | तपा. |
| ९ सुमित्रचरित्र | ख. हर्षकुंजर सं. १५३५ | तपा. |
| १० सदयवत्स कथा | हर्षवर्द्धन ( सं. १५२८ लि. ) | आ. |
| ११ जंबूकथा | सकलहर्ष पत्र ११ (सं. १७२० लि. ) | पं. |

## जैन व्याकरण ज्योतिष वैद्यकादि

| | | |
|---|---|---|
| १ हेमोनाममालावार्त्तिक | ख. रामविजय सं. १८२२ पो. सु. ३ | वृ. |
| २ कारकरहस्य | नेतृसिंह | वृ. |
| ३ कौतुकमंजरी | मू. हरिभद्रसूरिशि. जयचंद्र टी. भावप्रभसूरिशि. नयकुंजर | पं. |
| ४ रघुवंशसर्गाधिकार | जयसागर | आ. |
| ५ उदयविलास ( ज्यो. ) | बे. जिनोदयसूरि | इं. |
| ६ वसंतराजशकुनदीपिका चौपई | लाभवर्द्धन सं १७७० वै.सु.३ श्लो.५६४ | तपा. |
| ७ जन्मप्रकाशिका (हिन्दी दोहा) | ख.केसव (मेडतेके राजपालादिके लिये) | वृ. |
| ८ शकुनविचारदोहा | लक्ष्मीचंद्रशिष्य पत्र ४ | वृ. |
| ९ संतानऔषध पत्र १३ | धनजी (दयासमुद्रकी अनुमतिसे) | वृ. |
| १० रत्नपरीक्षा | ख. तत्त्वकुमार सं. १८४५ श्रा. व. १० | वृ. |

## रास चौपाई

| | | |
|---|---|---|
| १ भरतसंधि | बे. पद्मचंद्र | वृ. |
| २ शुकराज चौपई | तपा पुष्पविजय सं.१८११ पत्र २९ | वृ. |
| ३ धर्मदत्त चंद्रधवल चौपई | क्षमाप्रमोद सं. १८२६ आषाढ सु. २ जैसलमेर पत्र ३८ | वृ. |
| ४ सुदर्शन चौपई | वसिंग | तपा. |
| ५ सुरसुन्दरी चौपई | विजयशेखर गा. २२८ | तपा. |
| ६ रामायण चौपई | ख.विद्याकुशल और चारित्रधर्म । दोनों सं. १७९१ आसोज सु.१० लुणसर पत्र १३४ | तपा. |
| ७ कयवन्ना चौपई गा. ११० | मलयचंद्र | तपा. |
| ८ परिग्रह परिमाण्य चौपई | मेघ (जिनमाणिक्यसूरिशि.) सं.१६०९ | तपा. |
| ९ मृगांकलेखा चौपई | खर. श्रावक लखपत (अंतिमपत्र) सं. १६९४ आ. सु. १५ | तपा. |
| १० त्रिलोक्यसुंदरी मंगलकलश चौपई | ,, सं. १६९१ आ. सु. | तपा. |
| ११ अरणिक चौपई | अंचलगच्छ विजयशेखर सं.१६८५ लि. | तपा. |
| १२ रत्नचूड चौपई | हीरकलश सं. १६३६ जे.सु.१ पत्र १३ मूहनपुरि | तपा. |
| १३ शत्रुंजयउद्धाररास पत्र १८ | ऋषभदास सं. १६६७ जे.सु.१० | तपा. |
| १४ रत्नपाल चौपई | गुणरत्न सं.१६६२ महिमावती पत्र २१ | तपा. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| १५ चंपकरास | तपा हेमविजय | तपा. |
| १६ दयारास | लोंकागच्छीय | तपा. |
| १७ मुनिपति चौपई | नयरंग सं.१६१५ फा.सु.९ ओसियां गा.३९ | डुं. |
| १८ अंजना हनुमान चौपई | बे. जिनोदयसूरि सं. १७७३ मा.सु.पत्र१३ | डुं. |
| १९ गजसुकुमाल चौपई | जिनहर्ष सं. १७१४ आषाढ सु. १ गा. १०४ | डुं. |
| २० उत्तमकुमार चौपई (जैसलमेर) | बे. जिनचंद्रसूरि सं. १६९८ भा.सु.१३ | डुं. |
| २१ इलायचीकुमार चौपई | बे.जिनसमुद्रसूरि सं.१७५१ विजय वीरोतर | डुं. |
| २२ आतमकरणीसंवाद | बे. जिनसमुद्रसूरि सं. १७११ मुलतान [गणधर गोत्रीय नेमिदास आग्रह] | डुं. |
| २३ सत्तरभेदी पूजा | बे. समुद्रसूरि सं. १७१८ सूरत | बड़ा. |
| २४ प्रवचनसार रचनावेलि | ,, त्रुटित | बड़ा. |
| २५ उत्तमकुमार (नवरससागर) | ,, (महिमसमुद्र) १७३२का.व.१२,, | बड़ा |
| २६ रुक्मणी चौपई | ,, ,, ,, | बड़ा |
| २७ वसुदेव चौपई | ,, ,, ,, | बड़ा |
| २८ हरिबल चौपई | ,, सं. १७०६ जे.व. पहाड़पुर ,, | बड़ा |
| २९ ऋषिदत्ता चौपई | (महिमसमुद्र) ,, | बड़ा |
| ३० भीमसेन चौपई | बे. जिनसुन्दरसूरि सं.१७५५ फागण सु. २ कडपारा ,, | बड़ा. |
| ३१ गौड़ी स्तवन ढा. १० पत्र ५ | ,, सं. १७५३ आ.व.१० ,, | बड़ा |
| ३२ साधुवंदना | केसोदास | बड़ा |
| ३३ चंपकमाला चौपई | त्रुटित | बड़ा |
| ३४ नेमिरास ( हिन्दी ) | ,, | बड़ा |
| ३५ रायपसेणी चौपई | जिनेश्वरसूरि सं.१७०९ आषाढ सु.३ सक्कीनगर | बड़ा |
| ३६ कुबेरदत्ता चौपई | नयरंग | था |
| ३७ साधुगुणमालिका गा. ५२ | सुखसागर | था |
| ३८ सनतकुमार रास गा. ८५ | सेवग | था |
| ३९ आषाढभूति सज्झाय गा. ८४ | देवसुंदर सं. १५८७ | बड़ा |
| ४० थिरावली गा. ३३ | सहजकीर्त्ति सं.१६८३ मा.व.७ (धीरराज आग्रह) | पं. |
| ४१ कामलक्ष्मी वेदविचक्षणमातृपितृकथा | जयनिधान सं. १६७९ गा. १०५ | पं. |
| ४२ महाशतक चौपई पत्र १२ | शिवलालऋषि सं. १८८७ आ.व.१० | पं. |
| ४३ ज्ञानबतीसी | कान्हजी सं. १७५९ जयतारण | पं. |
| ४४ ओसियां वीर बतीसी | भावमंदिर सं. १५३१ | था. |
| ४५ चौवीशी | कुशलधीर सं. १७२९ सोजत | पं. |
| ४६ नमिराजर्षि चौपई | ललितसागर अंचलगच्छ सं.१६९९ मि.सु.१४ | पं. |
| ४७ चेतनपुद्गलधमाल गा. १२६ | बूचा | पं. |
| ४८ ऋषदत्ता चौपई | वीरमसागर पत्र ३३ सं.१७५१ का.व.११ महाजन | पं. |
| ४९ गजसिंह चौपई | राजसुन्दर सं. १७५६ जे. सु. १५ | पं. |
| ५० कंडरीक पुंडरीक संधि | राजसार सं. १७०३ पो. सु. ७ अहमदाबाद | आ. |
| ५१ चोवीस जिनस्तवन गा. ६९ | जयरंग ( सं. १७३९ लि. ) | बृ. |

For Private And Personal Use Only

| | | |
|---|---|---|
| ५२ मल्लिनाथ ५ कल्याणक स्तवन | ख.समरथ सं.१७३६ भा.सु.६ सक्कीनगर | बृ. |
| ५३ त्रलोक्यदीपक हिन्दी पत्र ७४३ | तपा कृष्णविजय सं.१८१२ वै. शु. ३ | बृ. |
| ५४ जिनप्रतिमास्तवन गा.८६ नयविमल | (वीरचंद्राग्रह)सं.१७४१ विजयादशमी | तपा. |
| ५५ कुमति खंडन स्तवन गा. ५१ | ऋषभ (१६७० लि.) | तपा. |
| ५६ १७० जिननाम स्तवन गा. ६१ | अविचल | तपा. |
| ५७ बावनी ( हिन्दी ) | रत्नशेखरशि. लालचंद्र | तपा. |
| ५८ ९ वाड़गीत गा. ६८ | तपा. भैरवदास | तपा. |
| ५९ १२ व्रत चौपई गा. ६४ | पद्मविजय सं. १६४५ | तपा. |
| ६० स्तवन सज्झाय अनेक | ख. देवचंद्रजी | आ. |
| ६१ शील बावनी गा. ६२ | माल | आ. |
| ६२ १७ सज्झाय | हर्षमूर्ति | आ. |
| ६३ स्तवनसंग्रह (करीब २००) | बे. जिनसमुद्रसूरि | बड़ा |
| ६४ अर्जुनमाली संधि | नयरंग सं. १६२१ जे.सु.१० वीरमपुर | ई. |
| ६५ शीलरास | ख.सिद्धिविलास सं.१८१० चै.सु. १० लाहोर | आ. |
| ६६ सनतकुमार चौपई | कल्याणकमल | आ. |
| ६७ सोल स्वप्न चोढालिया | अमरसिंधु २ | आ. |
| ६८ सप्ततिशत जिनस्तवन | भावसागर सं. १७५८ आसु सु.३ | आ. |

## प्राचीन रास आदि भाषा कृतियें

| | | |
|---|---|---|
| नेमिनाथ रास गा. ५७ ख. सुमतिगणि | | ( १३ वीं शताब्दी ) |
| चन्दनबाला रास गा. ५३ आसिगु | | ,, |
| भरहेसर बाहुबलि घोर गा. ४५ व्रजसेनसूरि | | ,, |
| महावीर जन्माभिषेक गा. १४ जिनेश्वरसूरि | | ,, |
| वासुपूज्य बोलिका गा. ४ | ,, | ,, |
| वीरजिनकलश गा, १४ | | |
| चंद्रप्रभकलश गा. ११ | | |
| युगादिदेव कलश | गा. २० | |
| नेमिनाथ फागु गा. १४ समधर | | |
| मालउघट्टण | गा. १८ | |
| महावीरकलश | गा. २८ | |
| चतुर्विंशति जिनचौपई | गा. २६ | मोदमंदिर |
| नेमिनाथ स्तवन | गा. २३ | |
| चंद्रप्रभकलश | गा. १७ | वीरप्रभ |
| महावीराष्टक | गा. ९ | ,, |
| जंबूस्वामी वस्तु | गा. २१ | |
| ऋषभशांति कलश | गा. १३ | |
| धर्मचर्चरी | गा. २० | |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वीर कलश चौपइ गा. १२

(आदि समस्त कृतियें सं. १४३९ लिखित प्रतिमें पंचायती भंडारमें है.)

## ऐतिहासिक साहित्य

| | | | |
|---|---|---|---|
| जिनचंद्रसूरि वर्णनरास गा. ४० | लक्ष्मीसिद्ध | | पं. |
| जिनलब्धिसूरिपट्टे जिनचंद्रसूरि विवाह गा. ३५ | सहजज्ञान | | बड़ा |
| कीर्तिरत्नसूरि विवाहलउ गा. ५४ | कल्याणचंद्र | | तपा. |
| गुणरत्नसूरि विवाहलउ गा. ४९ | पद्ममंदिर | | बृ. |
| जिनप्रबोधसूरि रेलुआ गा. १० | पद्मरत्न | | |
| ,, चर्चरी गा. १६ | सोममूर्त्ति | | |
| जिनचंद्रसूरिचर्चरी गा. २५ | हेमभूषण | | |
| जिनकुशलसूरि रेलुआ गा. १० | जयधर्म | | |

गुर्वावली, जिनभद्रसूरि, जिनचंद्रसूरि, जिनसमुद्रसूरि, जिनलब्धिसूरि एवं अन्य गीतादि।

| | | | |
|---|---|---|---|
| शत्रुंजय चैत्य परिपाटी गा. २९ | सोमप्रभ | | बड़ा. |
| शत्रुंजय यात्रा रास | बे. जिनसमुद्रसूरि | सं. १७२३ वै. सु. १० | बड़ा. |
| शत्रुंजय गिरनार संघगीत | | | तपा. |
| सकलचंद्र गणिभास गा. ३१ | | | तपा. |
| जीवर्षि रास | | | त्रुटित पा. |
| विद्यासागर उपाध्याय रास | | | ,, तपा. |
| पाटण चैत्यपरिपाटी गा. ६४ | सिद्धसूरि | सं. (१५)७६ | बड़ा. |
| विजयदयासूरि लेख पद्धति पत्र ४ | दानचंद्र | सं. १७८५ | तपा. |
| जैसलमेर चैत्यपरिपाटी | हेमध्वज | सं. १५५० | |

पुनसीऋषि, तेजसार, धर्मसुन्दर, दयारत्न, ४ साध्वी, कुशलविजयादि गीत, हेमरत्नसूरि, अमररत्नसूरि फाग, लक्ष्मीचंदसूरि गीत आदि, बाड़ी पार्श्व, राडद्रहपुर वीर स्तवन, पाहड़पुर आदिनाथगीत, आदि ऐतिहासिक स्तवन।

## ऐतिहासिक अलभ्य ग्रंथ

| | | |
|---|---|---|
| जिनपतिसूरि पंचाशिका | जिनपाल | सं. १३८४ लि. प्रतिके जिन पत्रों में यह थी वे मध्य पत्र गायब हैं। |
| जिनप्रबोधसूरि चउहत्तरी | गा. ७४ | |
| जिनचंद्रसूरी बहत्तरी | गा. ७४ | |
| जिनेश्वरसूरि चरित्र | गा. ३० सं. १४३७ लि. प्रतिके ये पत्र गायब हैं। | |

## जैनेतर ग्रंथ

| | | | |
|---|---|---|---|
| १ प्रामाण्यवाद | हरिराम तर्कवागीश | पत्र २४ | पं. |
| २ न्यायप्रदीप | याज्ञिक वेणीदत्त पुत्र गोपीकान्त | पत्र | बृ. |
| ३ पदार्थरत्नमंजूषा | कृष्ण श्लो. ३२० | पत्र ९ | बृ. |
| ४ मिथ्यात्व ज्ञानखंडन नाटक | रविदास | पत्र ६ | बृ. |
| ५ योगिनी दशाफल | हरजी | पत्र ७ | पं. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



६ विद्वन्मनोरंजिका (व्या.) शंकरदत्त पाठक पत्र २७ पं.
७ तत्त्वत्रय निर्णय घोरशिवाचार्य पत्र ६ पं.
८ महाविद्या विडंबन हरिकिंकर न्यायाचार्य पं.
९ अनेकार्थसंग्रह कायस्थ गढ़मल सुत परमानंद पत्र १७ (सं. १७८० लि.) वृ.
१० रूपमंजरी नाममाला रूपचंद (गोपालसुत) पत्र ६ पं.
११ वर्षतंत्र काशीस्थ नीलकंठ पत्र २५ शक १५०९ आश्विन सु. ९ पं.
१२ शृंगारमंजरी भोजदेव त्रु. बड़ा
१३ विभक्तिआदि व्याख्या रामकलश पत्र १७ बड़ा
१४ ब्रह्मानंद कल्लोल वीचीकरण ज्ञानसागर (नं. ७६१) बड़ा
१५ हृदयदीपक वैद्यक निघंटु बोपदेव
१६ दृष्टदर्पण मिश्र नंदराम पत्र ११ आ.
१७ हृदयप्रकाश हृदयनारायण महाराज पत्र ७ सं. १७३८ लि. बड़ा.
१८ ज्ञानमंजरी (ज्यो.) ऋषिशर्मा पत्र १६ पं.
१९ रतिभूषण (हिंदी) जगन्नाथ सं. १७१४ जे. शु. १० जैसलमेर (अमरसिंहकी आज्ञासे विरचित) बड़ा
२० प्रेममंजरी पद्य ९७ हिं. प्रेम सं. १७१४ चै. सु. १० आ.
२१ स्वरोदय पद्य ३५५ हिन्दी तनसुख सं. १८८७ का. सु. ८ आ.
२२ मैणावती गोपीचंद कथा पद्य २०० गोरख बड़ा.
२३ गनेसकथा पद्य ९५ कायस्थ केसव (सं. १८५० लि.) पत्र ११ बड़ा.
२४ हिन्दी नाममाला (अमरकोषके आधारसे रचित) अपूर्ण बड़ा.
२५ संक्षिप्त वेदांत शास्त्र प्रक्रिया शंकर पत्र ३० तपा.
२६ आत्मप्रकाश (वैद्यक) आत्माराम वृ.
२७ आभूषणबत्तीसी गा. ३२ चंद सं. १७०६ आखातीज (चंद्रसेन कुमर आग्रह) पं.
२८ चांपावत (राठोड़) देवसिंघरी भूमाल पत्र ४ वृ.
२९ हस्तामलक (राजस्थानी भाषा) पत्र ६ अपूर्ण बड़ा.
३० सिद्धान्त शतक लाडूनाथ सं. १८८४ मा. सु. ६ तपा.
३१ (ज्ञानोद्दीपक पंचाशिका, अवधूत पचीशिका, सर्वमतसूचनिका पचीसी, अभिलाष पचीसी, अवधूतपचीसी आदि)
मेघमालाग्रन्थोपरि सारोद्धारकाव्यानि पत्र ३० डुं.
३२ प्राचीन दोहा संग्रह ७०० तपा.
३३ फुहड़ रासो, पुरषरासो, खीचरासो, उंदररासो सुकाल वर्णनादि वृ.

★

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસક શકિતનો અપૂર્વ વિજય

લેખકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રી કનકવિજયજી

'જૈન મંત્રીશ્વર શ્રી કલ્પક' નામની કથાનાં છેલ્લાં પ્રકરણોનો સાર અહીં રજુ થાય છે. મગધની ગાદી પર નંદવંશના વિજયધ્વજને ફરકતો રાખનાર મંત્રીશ્વરના જીવનની કેટલીક ઐતિહાસિક કારકીર્દી આ પ્રકરણોમાં આલેખાયેલી મળે છે. આજથી ચોવીસ સો વર્ષ પહેલાંની આ હકીકતો યુદ્ધ દ્વારા થતા રક્તપાતને અટકાવી અહિંસક શક્તિનો અપૂર્વ વિજય જણાવી જાય છે.

તે દિવસથી મહારાજા નન્દના સર્વસત્તાધીશ મંત્રી તરીકે કલ્પકની વરણી જાહેર થઈ, અને જૈન મંત્રીશ્વર કલ્પના શિરપર નન્દવંશની સામ્રાજ્યધુરાના મેરુભારની જવાબદારી આ રીતે આવી પડી. કલ્પકની કુશલતાથી મહારાજા નન્દનું સામ્રાજ્ય દિન–પ્રતિદિન વધુ સમૃદ્ધ બનતું ગયું. નન્દની રાજસત્તાના ઈર્ષ્યાળુ રાજવીઓ કલ્પકની આ પુણ્યાઈના તેજોદ્વેષી બનતા ગયા. પણ ધાર્મિકતાના પવિત્ર સંસ્કારોથી રંગાયેલો મંત્રીપદનો એ અધિકાર કલ્પકને સતત જાગ્રત રાખતો હતો. મગધના સામ્રાજ્યપર આથી મંત્રી તરીકે કલ્પક પોતાનો સારો જેવો પ્રભાવ પાડી શક્યો હતો.

જેમ જેમ જૈન મંત્રીશ્વર કલ્પક લોકપ્રિય બનતો ગયો તેમ તેમ તેના રાજ્યના જૂના અધિકારીઓનાં હૃદયો કલુષિતતાના કાદવથી વધુ મલિન બનતાં થયાં. કલ્પકનું અનિષ્ટ કરવાની વૃત્તિવાળા માનવો પાટલીપુત્રના રાજકારણમાં વારંવાર દેખા દેવા લાગ્યા.

જગતના માનવોની આ એક મોટી નિર્બલતા છે કે, કોઈનાં–અરે, સમાન ધર્મિના–પણ નિર્દોષ ઉત્કર્ષને તેઓ સહી શકતા નથી. એ જ અશક્તિના યોગે જ્યાં જૂઓ ત્યાં ઈર્ષ્યા, અસૂયા અને કિન્નાખોર વૃત્તિનાં પાપો બર કરી, સંસારના નન્દન વનને ભડકે બળતું વેરાન બનાવી દે છે. અસંતુષ્ટ હૃદયો પોતે બાળે છે, નિર્જાને બાળે છે અને દેશ કે સમાજની શાન્તિને સળગાવનારી ચીનગારીઓ વેરી કુસંપનો આતશ બળતો રાખે છે.

કલ્પકની શક્તિઓ મગધના રાજકારણમાં જેમ જેમ ફાલી–ફૂલી પાંગરતી ગઈ તેમ તેમ કલ્પકની એ પ્રાભાવિકતાથી નન્દના આડોશી–પાડોશી રાજવીઓ મગધની સત્તાને નમ્ર સેવકની જેમ નમતા થયા. પણ કલ્પકના મંત્રીપદની ઈર્ષ્યાથી એના જૂના વૈરીઓના હૃદયનો આતશ વધુ ને વધુ ધીખતો થયો.

મહારાજા નન્દને મન કલ્પક એ રાજ્યનું સર્વસ્વ હતો. કલ્પક જેવા ધીર, સ્થિર અને કુશલ મંત્રીશ્વરને પામી નન્દનો આત્મા, સુખનાં સ્વપ્નો સેવી, નિરાંતે પોઢતો હતો. કલ્પકની રાજ્યવ્યવસ્થા માટે નન્દને પૂરેપૂરો વિશ્વાસ હતો. આ બધું હોવા છતાં કલ્પકના જૂના શત્રુઓ એનાં છિદ્રોની શોધમાં હતા. અને નન્દના હૃદયમાં કલ્પક પ્રત્યેનો અવિશ્વાસ પેદા કરવામાં આમ એક વેળા તે લોકો ફાવી પણ ગયા.

એ હતો તો સામાન્ય પ્રસંગ: કલ્પકને જે બનાવની પાછળના આ વિકૃત વાતાવરણની સામાન્ય ગંધ પણ ન હતી, તે બનાવને એના જૂના રાજ્યમંત્રીએ કોઈ નવા જ રૂપે મહારાજા નન્દના રાજકારણમાં વહેતો મૂક્યો. એ બનાવની ટૂંક હકીકત આ મુજબની હતી:

કલ્પકને ઘેર એના મ્હોટા પુત્રના લગ્નનો પ્રસંગ હતો. આ પ્રસંગ ઉજવવાને કલ્પકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાને છાજતી સઘળી તૈયારીઓ કરી હતી. મહારાજા નન્દને પોતાને ઘેર આમંત્રણ આપી, ભેટ ધરવા સારાં સારાં શસ્ત્રો તેણે તૈયાર કરાવવા માંડયાં. કલ્પકના ઘેર આ રીતે નવાં શસ્ત્રો વિપુલ પ્રમાણમાં તૈયાર થઇ રહ્યાં છે, એ હકીકત તેના છિદ્રાન્વેષી અધિકારી વર્ગના કાને અથડાવા લાગી. એટલે આ અસંતુષ્ટ માનવોએ પોતાની મલિન વૃત્તિથી મહારાજા નન્દને ભંભેરવાનું કાર્ય આરંભી દીધું. કલ્પકના આવવા પછી જેનું મંત્રીપદ ચાલ્યું ગયું હતું, તે જૂના મંત્રીએ એક અવસરે મહારાજ નન્દની આગળ ગણગણાટ શરૂ કર્યો. મહારાજા નન્દે સાવધ બનીને એને પૂછયું. જવાબમાં એ અપમાનિત માનવે જણાવ્યું :

'રાજન ! આપ અમારા શિરતાજ છો. અમારા પર કરુણાદષ્ટિ એ જેમ આપને માટે ઉચિત આચાર છે, તેમ સેવક તરીકે આપના હિતની ચિંતા રાખવી એ અમારી ફરજ છે. માટે જ આપને હું ચેતવું છું કે, આ મુત્સદ્દી કલ્પકથી સાવચેત રહેજો.' નન્દના હૈયામાં ધીમું ઝેર રેડવાની દુષ્ટતાથી એ આ બધું બોલી રહ્યો હતો. કાંઇક સંદિગ્ધ હૃદયના નન્દને વધુ બ્હેકાવવા તેણે ફરી ઝેર પીરસવા માંડયું: 'પ્રભો ! આપની સમક્ષ જુઠું બોલવાની અમારે કાંઈ જરૂર નથી. આપના જુના સેવક તરીકે આપના હિતની રક્ષા એ જ અમારા પ્રત્યેક શ્વાસોશ્વાસની ફરજ છે. આથી કલ્પકનાં કાળાં કામોની જાણ કરવી એ અમારી ફરજ છે. એ ફરજ બજાવ્યાનો આજે અમને આનન્દ છે !'

નન્દના હૈયામાં આ ખટપટી અમાત્યે કાળકૂટ ઝેર આમ સરળતાથી રેડી દીધું. મગધનો સત્તાધીશ નંદ કાચાકાનનો હતો. એને આ બધી વાતોમાં રસ પડવા લાગ્યો. નન્દની માનસિક સ્થિતિ ડામાડોળ થવા લાગી. આ જૂના ખટપટી માણસોએ ફરી એક વાર અવસર મેળવી નન્દના હૃદયના શલ્યને વધુ સ્થિર કરવા કહ્યું: 'મહારાજા'! પ્રપંચી કલ્પકના છળની ખાત્રી કરવી હોય તો આપ તપાસ કરાવો કે એના ઘરમાં શી ખટપટો ચાલી રહી છે ? આપના રાજતંત્રમાં બળવો જગાડવા માટે છૂપી રીતે શસ્ત્ર સામગ્રી તૈયાર કરાવવા માંડી છે. આપના રાજ્યના વફાદાર જૂના માણસો તરીકે અમારી ફરજ સમજી આ બધી હકીકત અમે જણાવી છે. જે યોગ્ય લાગે તે કરવાને આપ અધિકારી છો.

નન્દ આ બધું સાંભળી રહ્યો. માથાંપર જાણે અકાળે વિજળી પડતી હોય તે રીતે અકથ્ય વેદનાનાં ગંભીર વર્તુલો એના મુખપર ફરી વળ્યાં. સાંભળતાં સાંભળતાં એના હૃદયે કારી ઘાની વ્યથા અનુભવી, મુંઝવણોનો મહેરામણ એને ક્ષણવાર મૂંઝવી રહ્યો. એ વિચારમગ્ન બન્યો. ધીરે રહી એણે પોતાના રાજકર્મચારીઓને આદેશ આપ્યો:—

'મગધના સર્વસત્તાધીશની સામે બળવો ? અને તે એના વિશ્વસનીય રાજ્યમંત્રી કલ્પકના ષડ્યંત્ર દ્વારા ? જાઓ ! મારા વફાદાર સેવકો ! મંત્રીશ્વરના ઘેર શસ્ત્રસામગ્રી તૈયાર થતી જોવાય તો તેના સમાચાર મને તાબડતોપ આપો !'

મહારાજાના શબ્દો આકાશમાં ઘુમરીઓ લેતા આસપાસ ફરી વળ્યા. મગધની સત્તાના પાયા હચમચી ઊઠતા હોય તેટલી જ અધીરાઈ નન્દના આ શબ્દોમાં પ્રગટ થતી જણાઈ. આદેશને માથે ચઢાવી રાજ્યકર્મચારીઓ કલ્પકના આવાસ ભણી વિદાય થયા.

કલ્પક મંત્રી હતો, છતાં સત્તાનો મદ એને હજુ સુધી મૂંઝવી શકયો નહતો. ધીરતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે સત્તાને પચાવી લેવાનું અખૂટ આત્મસામર્થ્ય એને વર્યું હતું. એને ત્યાં મગધના રાજ્યશાસનનો કારભાર ચાલતો હતો. રાજ્યસત્તાનો છેલ્લામાં છેલ્લો દોર કલ્પકના હાથમાં હતો.

કલ્પક પૂર્ણ સાવધ હતો. શુભ કે અશુભ, પાપ કે પુણ્ય આ બન્નેના ઉદયોની કર્મે ઘડી આંટીઘૂંટીઓથી એને કાંઇ પણ નવીનતા ન હતી. સઘળી પરિસ્થિતિઓમાં સમભાવની મનોવૃત્તિ એ કેળવી શકયો હતો. 'ગઇ કાલનો સામાન્ય ગણાતો કલ્પક, હું આજે મહાન રાજ્યનો તંત્રવાહક છું, આવતી કાલે હું કોણ હઇશ ? એ ભાવિના ગર્ભમાં છે'– આ બધી વિચારણા કલ્પકને હંમેશા જાગ્રત રાખતી.

નન્દના અંગત અધિકારીઓએ મહામંત્રી કલ્પકના ઘરમાં પગ મૂકયો. મહામંત્રી ઓરડાની અંદર પોતાના કામકાજમાં મસ્ત હતો. આવનાર અધિકારીઓ આજે સ્વતંત્ર હતા. ખુદ મગધના સર્વસત્તાધીશની સત્તાને સ્વતંત્ર રીતે અજમાવવાને તેઓને આજે આ અવસર મળ્યો હતો. તદ્દન બેપરવાઇથી તેઓ મંત્રીશ્વરના ઓરડામાં ખૂણે ખૂણે ફરી વળ્યાં. તાજજુબીની વચ્ચે એમણે જોયું તો શસ્ત્રાસ્ત્રોના ઢગના ઢગ ત્યાં ગુપ્ત રીતે તૈયાર થઇ રહ્યા હતા. ખૂબ જ કડકાઇથી તે લોકો આ દશ્ય જોતાં રહ્યા. વાતાવરણમાં અવિશ્વાસનું ભેદી મોજું ફરી વળ્યું. મંત્રીશ્વર આ બધા માણસોની વિચિત્ર વર્તણુકથી કાંઇક વિચારમગ્ન બન્યા. બુદ્ધિ, કુશળતા અને કુનેહથી આનો તોડ કાઢવાને મંત્રીશ્વરે પોતાની બધી પરિસ્થિતિ માપી જોઇ. પણ આ વાતાવરણની હવા પોતે ન પામી શકયા.

નન્દના એ વફાદાર સેવકો થોડી વારમાં ત્યાંથી ચાલી નીકળ્યા. એ 'કાંઇક' લઇને આવ્યા તે રીતે 'કાંઇક' લઇને ગયા. એ ગયા, એમના પગરવ સંભળાતાં બંધ પડયા ત્યાં સુધી સ્વચ્છ દષ્ટિના મહામંત્રી માયાવી માણસોની આ રમતને ન ઓળખી શકયા.

: ૨ :

એ પણ અવસર ફરી આવ્યો; નન્દના મહામંત્રીપદનું ગૌરવભર્યું માન મેળવનાર કલ્પક પર રાજ્યદ્રોહનો ભયંકર ગુન્હો તર્કટી માનવોના ષડયંત્રો દ્વારાં સાબીત થઇ ગયો. ન્યાયની અદાલતે ન્યાયનું નાટક ભજવી કલ્પકને તેના ગુન્હા બદલ શિક્ષા ફરમાવી કે, 'નન્દના દુશ્મનો સાથે ભળી, મગધની સત્તાનો સર્વનાશ કરવાનું કાવત્રું રચવાના ગુન્હેગાર કલ્પકને તેના કુટુંબપરિવાર સહિત અંધારા કારાવાસમાં જીવનપર્યંત ધકેલી દેવામાં આવે છે.'

સત્તાનો અમલ તરત જ શરૂ થયો. નિર્દોષ કલ્પક, તેના કુટુંબ પરિવારની સાથે પાટલીપુત્રની કોઇક અંધારી ઉંડી કોટડીમાં પોતાનું જીવન પૂરું કરવાની સ્થિતિમાં મૂકાયો. પુણ્ય–પાપની લીલી–સૂકીએ, મંત્રીશ્વર કલ્પકના જીવનમાં આમ તખ્તા પરના નાટકની જેમ અનેક દૃશ્યો ઉભાં કરી દીધાં. જૈન દર્શનના કર્મવાદના તત્ત્વજ્ઞાનનું અમીપાન કરનારા તેણે આ વિપત્તિને સમભાવે સહી લેવાનો નિશ્ચય કર્યો. કર્મે ઘડી હતી એથી સંયોગ–વિયોગની–ઇષ્ટાનિષ્ટ પ્રસંગોની આ બધી વિચિત્ર લીલાઓમાં એ ઘડાઇ ગયો. આ અણધારી આપત્તિએ એના આત્માનો કાબૂ લઇ લીધો ન હતો. પણ સ્વમાનભંગનો આ પ્રસંગ એને ઘણી ઘણી વેળા અકળામણની વ્યથામાં મૂકી દેતો.

'નિર્દોષ વ્યવહાર, સાધુવૃત્તિ અને નિસ્પૃહ જીવન આ બધું સત્તાપાર રહી જાળવી રાખ્યું. તરવારની અણીપર જીવનને હેડમાં મૂકયું. છતાં પરિણામે આવું કારમું કાંઇક'– આ બધા વિકલ્પોમાં દોરાતા તેણે કેટલાય દિવસો સુધી અન્નપાણી પણ ત્યજી દીધાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનું કુટુંબ પોતાના કહેવાતા ગુન્હાની શિક્ષાનું ભોગ બની નરકની રૌરવ વેદનાઓને પોતાની આંખ આગળ ભોગવી રહ્યું હતું, એની વ્યથા કલ્પક જેવા સ્વસ્થ, ધીર અને સત્ત્વશાલીને ખૂબ જ બેચેન બનાવી દેતી. પોતાનો ફાલ્યોફૂલ્યો સમસ્ત સંસાર આમ અચાનક, કોઈ બે-ચાર ખટપટી કાવત્રાખોરોની આસુરી લાલચોનો શિકાર બની રગદોળાઈ જાય એ વિચારની સાથે એ મહામાત્ય પગથી માથા સુધી કંપી ઊઠતો.

એ અંધારી કોટડીની રૌદ્ર યાતના મંત્રીશ્વરે ભોગવતા એક દિવસે પોતાના કુટુંબને કહી દીધું: 'જુઓ ! આપણુને આ રૌરવ નરકમાં નાંખનાર કાવત્રાખોરોને યોગ્ય શિક્ષા કરવાનો મેં નિશ્ચય કર્યો છે. રાજા નન્દ આપણુને રીબાવી-રીબાવી વગર મોતે મારી નાંખશે. આપણે આમ પશુ કરતાં વધુ કરુણ જીવન પૂરું કરી મરવા કરતાં એક એવો બુદ્ધિશાળી ધીર આપણામાંથી બચી જાય એમ કરવું જરૂરી છે; જેથી આ કાવત્રાખોરને તેનાં પાપોની શિક્ષા આપવાને એ દરેક રીતે સમર્થ બને !' બોલતાં બોલતાં કલ્પકના મુખપર વિષાદ અને રોષની ચિત્રવિચિત્ર રેખાઓ ફરી વળી. પરિવારના આપ્તજનો આ બધું સાંભળી રહ્યાં. પોતાના જીવનની ફાલીફૂલી નન્દન વાડી આમ અકાળે કરમાઇ જશે, એ હકીકતનો વિચાર પણ ત્યાં રહેલા બધાનાં મનને વલોવી નાખવા માંડયો. પણ વેરની વસુલાતની કલ્પનાએ, બીજી જ પળે તે લોકોને સ્વસ્થ બનાવ્યા.

તેઓએ વેદના મિશ્રિત વાણીને શબ્દ દેહ આપતાં મંત્રીશ્વરને કહી દીધું: 'પૂજ્ય ! અમે જીવીએ તો શું અને મરીએ તો શું ? અમારા જીવનની હવે કાંઇ કિંમત નથી. એક ઘડા જેટલું પીવા માટે પાણી અને પાંચશેર ચોખાની ઘેંસ ભોજન માટે આપણુને મોકલી નન્દ આપણુને રીબાવી-રીબાવીને મારવા ઇચ્છે છે. કાચાકાનનો રાજા નન્દ ક્ષુદ્ર માનવીઓના માયાવી તાંડવોનો આ રીતે કેવળ સાથી બની રહ્યો છે. આપ જો જીવતા હશો તો એ માયી માનવોને યોગ્ય શિક્ષા કરી શકશો; તો જ અત્યાર સુધી આપના હાથે સોળ કળાએ ખીલેલી આ મગધની સમૃદ્ધિ સુસ્થિર બનશે. મગધના સિંહાસને નન્દની પાંગરતી વંશવેલ ફાલી-ફૂલી કરવાનું સામર્થ્ય આપ સિવાય અન્ય કોઈમાં નથી. આમ થતાં નન્દ વંશની સમૃદ્ધિનાં મીઠાં ફળો આરોગવાને આપણા વારસો શક્તિશાળી બને તો અમે અમારા આ બલિદાનની કિંમત પામ્યા એમ માની સંતોષ પૂર્વક મરી શકીશું.

પ્રસંગ ખૂબ જ કરુણ હતો. અંધારી કોટડીનાં ઉંડાણમાં આ આપદ્ગ્રસ્ત માનવોના આ શબ્દોએ એ વેળાએ વાતાવરણને ભરી દીધું. આઇ કાલ સુધી મોટા ગગનચુંબી મહાલયોની દેવદુર્લભ સમૃદ્ધિને ભોગવનારો મંત્રીશ્વરનો આ સંસાર, પોતાના જીવવાની આશાને ત્યજી હવે નિશ્ચિન્ત બન્યો. ધર્માત્મા કલ્પકે પોતાનાં આ પરિવારને સંસારના પદાર્થોની ક્ષણિકતા સમજાવી સમાધિમાં સ્થિર રાખ્યા. ધર્મના તત્ત્વજ્ઞાનનો બોધ પામી આ લોકો અન્તે સમાધિપૂર્વક મૃત્યુને ઊજવી ગયા.

આ બાજુ :-કલ્પકના સત્તાભ્રષ્ટ થવા બાદ મગધના સામ્રાજ્યને ભડકે બળતું જોવાને આતુર નાનાં નાનાં રાજ્યો મગધની સત્તાને પડકારવાને તૈયાર થયાં. મંત્રીશ્વર કલ્પકની ડહાપણભરી મુત્સદ્દિગીરીએ અત્યાર સુધી આ બધા બળવાખોરોને થોભાવી દીધા હતા; કલ્પકના પુણ્યતેજથી કંપતાં આ રાજ્યોએ હંમેશ મગધની સત્તાને ચરણે આળોટવામાં જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનું સ્વમાન માન્યું હતું. પણ ઊંડે ઊંડે કલ્પકના કાંટાને ઉખેડી ફેંકી દેવાની વૈરવૃત્તિ આ સત્તાધીશોને વારંવાર અકળાવતી, પણ કલ્પકની શક્તિ આગળ એ ફાવતા ન હતા.

પણ હવે કલ્પકથી શૂન્ય મગધની સત્તાને નિર્જીવ માનનાર આ નાનાં નાનાં ગણ-રાજ્યોએ મગધના સત્તાધીશની સામે ખુલ્લી રીતે બળવો ઊભો કર્યો. પાટલીપુત્રની રાજ્ય-વ્યવસ્થામાં કલ્પકની ગેરહાજરી દરમ્યાન તદ્દન અરાજકતા વ્યાપી ગઇ હતી. મગધનું બલ, ભંડાર, સૈન્ય કે જે કાંઇ હતું તે કલ્પકની આવડત અને વ્યવસ્થાશક્તિપર નિર્ભર હતું.

આજે મગધના પાટનગરના રાજતંત્રમાં સો મણ તેલે અંધારું છવાઈ ગયું હતું. બળવાખોર સત્તાઓ માટે આ એક સુવર્ણતક હતી. મગધપરથી નંદવંશની સત્તાને ઉખેડી નાંખી પોતાની સામુદાયિક સત્તા જમાવવાના કોડો આજે આ લોકોને ફળતા લાગ્યા.

નન્દની નબળાઇનો લાભ લેવાને એમની વૃત્તિઓ અત્યારે ઉશ્કેરાઈ ચૂકી હતી. વૈર-વૃત્તિના આતશે આ આત્માઓને સંતપ્ત બનાવી દીધા હતા. એ લોકોએ હવે છેલ્લી લડાઈ લડી લેવાનો નિર્ધાર કર્યો. પોતાનાં સૈન્યો સાથે તેઓએ નગરને ઘેરી લીધું. રાજનીતિનાં નાટકો ભજવી લેવા માટે દૂતદ્વારા મગધના સર્વસત્તાધીશ મહારાજા નન્દને કહેણ મોકલ્યું:

'વૈશાલી, વૈદેહી, લીચ્છવી ઇત્યાદિ અઢાર દેશોનાં મહારાજ્યોનું પ્રતિનિધિમંડળ તમને કહેવડાવે છે કે, હવે તમારી સત્તાનો સૂર્ય આથમી ગયો છે. 'જેનું ભુજાબલ તેનું રાજ્ય-બલ ' એ સત્ય રાજ્યનીતિના ચાણાક્યોએ જગતને બતાવી આપ્યું છે. મગધના પાયતખ્ત-નો અધિકાર એ કેવળ વારસાથી ચાલી આવતો અમરપટો નથી. અમે હવે આવા આપખુદ શાસનને ચલાવી લેવાને કોઈ પણ રીતે તૈયાર નથી. મગધની સત્તા સાથે સમાન દરજ્જે રહેવાને અમે તૈયાર છીએ. આ સિવાય સમાધાન કે સુલેહને અમે નકારીએ છીએ. આપના જવાબ માટે અમે થંભ્યા છીએ. યુદ્ધ, યુદ્ધ ને યુદ્ધ ! એ હવે અમારો માર્ગ છે.'

દૂતનાં વચનોમાં લડાઈનો અગ્નિ સળગી રહ્યો હતો. કલ્પકના સત્તાભ્રષ્ટ થયા બાદ તાજેતરમાં આમ અચાનક ફાટી નીકળેલી આ આપત્તિથી નવો સેનાધિપતિ અશ્વઘોષ મૂંઝવણમાં મુકાઈ ગયો, નવો મહામાત્ય વિશ્વગુપ્ત ઊંડી વિચારણામાં ગરકાવ થયો.

રાજસભાની હવા તદ્દન શૂન્ય જેવી હતી. લડાઇ લડી લેવાનું શૌર્ય કે પરાક્રમ કોઈ અધિકારીના મુખ પર તે વેળા ન જણાયું. મહારાજા નન્દ આ બધું પામી ચૂક્યો, એણે મુત્સદ્દિગીરીભરી જબાનથી દૂતને કહ્યું: 'તમારો અને અમારો સંબન્ધ ખૂબ જ નિખાલસતા-ભરી મૈત્રીથી ચાલ્યો આવે છે. એને ટકાવી રાખવાને અમે આતુર છીએ. લડાઈ લડી લેવાની વૈરવૃત્તિને આમાં સ્થાન ન જ હોવું જોઇએ. અમારા મહામાત્ય કલ્પક વૃદ્ધાવસ્થાને કારણે પથારી વશ છે. છતાં તમારી સાથે સલાહ કરવાને દરેક પ્રકારે તેઓ તૈયાર છે.'

દૂતને નન્દનાં આ વચનોમાં મગધનાં સત્તાધીશની નબળાઈ જણાઈ. મગધનો સર્વ-તંત્રસ્વતંત્ર ગણાતો સમ્રાટ આટલો નરમ બની જવાબ આપશે એ એની કલ્પનામાં ન હતું. એણે જોયું કે કલ્પકના નામે સમય કાઢવાની આ એક તરકીબ છે. દમન અજમાવ્યા વિના કોઈ રીતે કાર્યસિદ્ધિ નથી એમ ચબરાક દૂતે તે વેળા પાણી માપી લીધું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'હું અમારા માલીકોને પૂછી જોઉં' કહી તે દૂતે ઘોડા દોડાવી મૂક્યો. બીજી જ પળે તે રાજ્યોની સેનાએ પાટલીપુત્રની ચોમેર ઘેરો ઘાલી નગરના લોકોનો વ્યવહાર મુશ્કેલીમાં મૂકી દીધો, નિર્દોષ પ્રજાજનો દિન પ્રતિદિન આ રીતે આપત્તિના ઘેરા વમળમાં સપડાઇ ગયા. મહારાજા નન્દે નવા પ્રધાનમંડળને આની સામે જવાબ આપવાનો આદેશ કીધો. મહામાત્ય વિશ્વગુપ્તે નકારમાં પોતાનો જવાબ પાઠવી દીધો, અને કહી દીધું કે 'અચાનક ઊભી થયેલી આ પરિસ્થિતિને પહોંચી વળવાને અમારી પાસે સૈન્ય કે સામર્થ્ય નથી.'

મગધના સમ્રાટને અત્યારે પોતાનો બુદ્ધિશાળી મહામાત્ય કલ્પક યાદ આવ્યો. તેની બન્ને આંખોમાંથી આંસુની ગંગા–યમુના વહેતી થઈ. તેમજ મહામાત્યની બુદ્ધિ, વફાદારી અને પરાક્રમની શૌર્યભરી કારકીર્દીનાં સંસ્મરણો તેનાં દુઃખી દિલને આગના તણખાની જેમ દાહ દેવા લાગ્યાં. પોતે જાતે કારાવાસની કાળી કોટડીમાં કલ્પકને મળવા આવ્યો. એણે ત્યાં જોયું તો જિંદગીની છેલ્લી ઘડીઓમાં પણ મૃત્યુની સામે હિમ્મતભરી બાથ ભીડી મહામંત્રી પ્રસન્નતા પૂર્વક જીવી રહ્યો હતો.

મગધનો સમ્રાટ કલ્પકને નમી પડ્યો. હાડપીંજરશા મંત્રીના દેહમાં આત્માના અણખૂટ ધૈર્યનું દર્શન થતાં નન્દના હૈયામાં મંત્રીશ્વર પ્રત્યેનો સદ્‌ભાવ વધતો ગયો. સમ્રાટ છતાં સેવકની જેમ એ લજ્જાથી ધરતી સામું જોઈ રહ્યો. કલ્પકની સુહૃદયતા અને સાધુતા પ્રત્યે એને પૂર્ણ વિશ્વાસ હતો. થોડી વારના મૌન પછી એણે પોતાની વાચા ખોલી:

'મહામાત્ય! મગધના સર્વસત્તાધીશની કે સામ્રાજ્યની લાજ રાખવાને આજે અમે તમારી પાસે ભીખ માંગવા આવ્યા છીએ. ગઇ કાલ સુધીના પરસ્પરના ઝેર–વેર ભૂલી મગધના દુશ્મનોની સામે ઊભા રહેવાને તૈયાર થવાની સ્થિતિ આપણે માટે આજે અનિવાર્ય બની છે. મંત્રીશ્વર! તમારા પર અમે અન્યાયોની જે ઝડીઓ વરસાવી છે એ પાપોનું પ્રાયશ્ચિત્ત અત્યારે અમે ભોગવી રહ્યા છીએ. મગધની સત્તા સામે ગણરાજ્યોએ આજે ઉઘાડે છોગે બળવો ઉઠાવ્યો છે. તમારા જેવા મહાપુણ્યવાન મંત્રીના આત્મબળ પર હજુ અમને વિશ્વાસ છે કે અમે અમારી સત્તાના ડગમગતા સિંહાસનને અચલ બનાવી મગધના રાજ્ય તખ્તપર નન્દવંશનો વિજયધ્વજ ફરકાવી શકીશું.'

કલ્પકની સજ્જનતા પોતાના માલીકની પાસે આ શબ્દો સાંભળતાં અકળાઈ ઊઠી. ક્ષણભર એના માથા પર જાણે વીજળી પસાર થતી હોય એમ એ મૂઢ બની શૂન્ય થઈ ગયો. એ બોલ્યો એ શબ્દોમાં પર્વત ફાડી નાંખે તેટલું શૌર્ય હતું. જાણે વાણીના પ્રવાહે વિદ્યુત્‌શક્તિને થંભાવી દીધી. એના હૃદયમાં સાચો સેવકભાવ અને સ્વામીનું વાત્સલ્ય ઉભરાતું હતું. થોડા શબ્દોમાં એણે કહી દીધું. 'રાજન્! મગધના સમ્રાટની સેવા એ મારું જીવનવ્રત હતું અને છે. શ્રી જિનેશ્વર દેવ જેવા તારક પરમાત્માનો સેવક કલ્પક પોતાના લોહીના છેલ્લા બિન્દુ સુધી મગધના સામ્રાજ્યને વફાદાર રહેશે. દુન્યવી કોઈ પણ સ્વાર્થી કલ્પકની વફાદારીને આડે કદી આવ્યા નથી અને આવશે નહિ. એ માટે આપ નિશ્ચિન્ત રહેશો?'

: ૩ :

બીજે દિવસે મહામાત્ય કલ્પકની સાથે મહારાજા નન્દ પાટલીપુત્રના ચોરે–ચૌટે ફરી વળ્યાં. નગરનાયકો મહામાત્યને જોઈ સ્વસ્થ થયા. પ્રજા પોતાનાં દુઃખોને ભૂલી ગઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાશનાં તેજસ્વી કિરણોની જેમ મહામંત્રીશ્વરનાં આગમનથી નગરજનોનાં હૈયાં આનન્દથી ભરાઈ ગયાં. અધીરાઈ શોક અને શૂન્યતાનું અંધકારઘેર્યું વાદળ વિખેરાઈ ગયું.

ગઢપર ચઢી મંત્રીશ્વરે નગરને ઘેરી રહેલાં ગણુરાજ્યેનાં સૈન્યોને જોઇ લીધાં, અને સમાધાનીનો સંદેશ જાતે પાઠવ્યો. રાજ્યના અધિકારીઓએ મંત્રીશ્વરના નામે સુલેહનો શ્વેત વાવટો આકાશમાં ફરકતો કરી દીધો. ગણુરાજ્યોના પ્રતિનિધિઓએ આ બધું જોઈ લીધુંઃ નિરર્થક લોહી રેડવા કરતાં મગધની સત્તાને એની નબળાઈને ટાણે સુલેહના દાણાથી ચાંપી જોવામાં એ લોકોએ પોતાનું ડહાપણુ માન્યું.

ગણુરાજ્યોનો મુખ્ય સેનાધિપતિ ભદ્રવીર્ય આ તકનો ઉપયોગ કરવામાં સાવધ હતો. એણે પ્રતિનિધિમંડલને કહી દીધુંઃ 'વાટાઘાટથી જો આ બધું પતી જતું હોય તો આપણા સૈનિકોના લોહીની નદી આ ભૂમિપર શા માટે વહેતી કરવી !' સૌ એકમત થયા. ગરમ અને નરમ બન્ને દળોના નાયકોએ ભદ્રવીર્યને મહામાત્ય કલ્પકની સાથે વાટાઘાટો કરવાને સમ્મતિ આપી. ભદ્રવીર્ય નગરમાં આવ્યો. મંત્રીશ્વરની અદ્દભુત પ્રતિભા, ભવ્ય લલાટ અને દેવાંશી તેજ જોઇ એ સહસા નમી પડ્યો.

મંત્રીશ્વરે એને પોતાની બાજુમાં બેસાડી એ યુવાન સેનાપતિનો સત્કાર કર્યો. ભદ્રવીર્યની અક્કડતા ઓગળતી ગઈ. પરસ્પરના પ્રેમનું વાતાવરણુ ત્યાં સર્જાતું થયું. હિંસાની પાશવી વૃત્તિની સ્હામે જૈન મહામાત્ય કલ્પકની નિર્દોષ અહિંસકતાનો વિજય થયો.

'ભાઈ ભદ્રવીર્ય !' નરમાશથી મંત્રીશ્વરે પોતાની વાણીને જબાન આપી. 'તમે ગણુરાજ્યો ભલે માનતાં હો કે મગધની સત્તાનું પરિબલ ખૂટી ગયું છે. પણ એ તમારી ભ્રમણા છે' મંત્રણા માટે મગધની આતુરતાનું કારણ સ્પષ્ટ કરતાં કલ્પકે ચોખવટ કરીઃ

'મહારાજા નન્દ અને હું માનીએ છીએ કે હિંસાથી જગત જીતી શકાય છે, કે વશ કરી શકાય છે, એ નર્યું અજ્ઞાન છે. સત્તાવાદ કે સામ્રાજ્યની ભૂખ પાપો જન્માવી સંસારને પાપી બનાવે છે ! આથી જ અમને સત્તાની ભૂખ કે લોભ તલમાત્ર રહ્યો નથી. અમારો ધર્મ, સત્તા કે સમૃદ્ધિ પુણ્યબળથી પ્રાપ્તવ્ય છે, એમ અમને સમજાવે છે. આથી એની ખાતર લાખો કરોડો યા અબજોની સંખ્યાના નિર્દોષ માનવોનો રક્તસંહાર કરી શોણિતનો સાગર ઊભો કરવો એ મારે મન ભયંકર અન્યાય અને અધર્મ છે; શક્તિનો દુર્વ્યય છે.' બોલતા બોલતા મંત્રીશ્વરની પ્રૌઢ કાયા કંપી ઊઠી.

ફરી મંત્રીશ્વરની વાણીનો ગંગાપ્રવાહ વહેતો થયોઃ

'સેનાધિપતિ ! તમારા જેવા યુવાનો ગણુરાજ્યોના સાચા દીવાઓ છે. તમારી શક્તિઓ જગતના કલ્યાણુ માર્ગે પ્રકાશ પાથરવામાં રેડજો ! હિંસા, ઈર્ષ્યા, વૈર અને વૈમનસ્યનાં પાપોનો ભીષણ અંધકાર ઉલેચી નાખી અહિંસાના ધર્મ્ય માર્ગે સંસારની પ્રજાને દોરવણી આપવી એમાં જ તમારા લોહીનાં ઉષ્ણુ બિંદુઓથી થનગનતી યુવાનીનું સાર્થક્ય છે.' વયોવૃદ્ધ કલ્પકનું જાદૂઈ વ્યક્તિત્વ સેનાધિપતિનાં આત્માની આરપાર અસર પાડી ગયું.

મંત્રીશ્વરે કહ્યુંઃ 'પ્રિય ભદ્ર ! તમારા માટે બે માર્ગ હાલ ઊભા છેઃ એક રક્તપાતનો અને બીજો અહિંસાનો. પહેલો માર્ગ કાયરોએ—આત્મસામર્થ્યહીન નિર્બળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવોએ, અજમાવી સંસારના સ્વાર્થોને સળગાવી મૂક્યા છે, કાયમી શાંતિના શ્વાસોશ્વાસ રૂંધી નાખ્યા છે, જગતને કેવળ નિર્માલ્ય અને શસ્ત્રજીવી બનાવ્યું છે. નરમેધનો અત્યાચાર પરિણામે આ દ્વારા સમજાય છે. બીજો માર્ગ નિર્ભયતાનો છે. સરળતાપૂર્વક સત્તા કે સમૃદ્ધિના ત્યાગ દ્વારા જગતના માનવોની સુષુપ્ત માનવતા જગાડી એને શાન્તિનાં શાશ્વત માર્ગે ધીરે કદમે દોરે છે. વિશ્વાસ, આત્મસંતોષ અને શાન્તિના આત્મતેજનો સાક્ષાત્કાર આ માર્ગે સહજ પ્રાપ્ત થાય છે. મગધના સર્વસત્તાધીશ મહારાજા નન્દ તરફથી તેના એકના એક પ્રતિનિધિ તરીકે, બીજો માર્ગ મેં સ્વીકાર્યો છે. તે માર્ગે મગધની સત્તાનું સંચાલન થઈ શકે તે જોવાને હું આતુર છું. આ માટે જ મેં તમને મારા સમાન ભાગીદાર માની અહીં બહુ માનપૂર્વક બોલાવ્યા છે. '

મંત્રીશ્વરની વાણીનું તેજ ચોમેર પ્રકાશતું ગયું. શૂન્યની જેમ ભદ્ર વીર્ય આ બધું સાંભળતો રહ્યો. એના જીવનમાં આ બધું એને પહેલ વહેલું સાંભળવા મળ્યું. આત્માને ધન્ય માનતો તે હજુ મગધના આ મહાન મુત્સદ્દી મંત્રીને જોતો જ રહ્યો.

' સેનાધિપતિ ! મગધની સત્તાની સાથે કાયમી સુલેહ આ માર્ગે જળવાઈ રહેશે. એ યાદ રાખજો કે ગણરાજ્યો અને અમે સરખાં જ છીએ. તમારા સ્વમાનના હક્કને પીંખી નાખવાનો અમને અધિકાર નથી. એવું ઘમંડ પણ અમે રાખ્યું નથી. બાકી જો રક્તપાત દ્વારા અમારી પાસેથી સત્તા ઝૂંટવી લેવાની તમારી નેમ હોય તો તે માટે પણ અમે તૈયાર છીએ. અમારી પાસે સૈન્ય છે, તાકાત છે અને ધનદનો કુબેરભંડાર પણ છે : અમે માનીએ છીએ કે જે પુણ્યે ગઈ કાલના નાપીત ગણાતા વેશ્યાપુત્ર નન્દને મગધનું પાયતખ્ત આપ્યું તે પુણ્ય નન્દની સત્તાને સહાય કરવાને જીવન્ત છે. બોલો નિર્ણય કરી લો !'

મહામંત્રીના શબ્દોમાંથી તણખા ઝરતા રહ્યા. મૌન તોડી સેનાધિપતિ ભદ્રવીર્યે કહી દીધું, ' લડાઈ બંધ કરી, અમે તમારા શરણે આવ્યા છીએ, તમારા જેવા દેવપુરુષ પર અમને પૂર્ણ વિશ્વાસ છે. '

સમાધાન થઈ ગયું; ભદ્રવીર્યે છાવણીમાં આવી યુદ્ધ બંધ કરવાની જાહેરાત કરી, સૈન્યોને વિખેરી દીધાં. બીજે જ દિવસે પાટલીપુત્રનો ઘેરો ઉઠાવી લીધો. તરત જ નગર ભય-મુક્ત બન્યું. ભદ્રવીર્યના આ અચાનક હૃદયપલટાથી ઘણાં રાજ્યોમાં અરસ-પરસ વિશ્વાસ ખૂટી ગયો. સેનાધિપતિ પર દેશદ્રોહનો આરોપ વાતાવરણમાં વહેતો મૂક્યો. છતાં લીચ્છવી રાજ્યો ભદ્રવીર્ય પરની શ્રદ્ધાથી યુદ્ધમાંથી ખસી ગયાં. બીજાં નાનાં રાજ્યો નિર્બળતાના કારણે ભાગી છૂટયાં. મગધની સત્તા પર ઝઝૂમતાં ભયનાં વાદળો મંત્રીશ્વરનાં પુણ્યતેજ આગળ આમ અચાનક વિખરાઈ ગયા. મગધ ભયમુક્ત બન્યું.

આ રીતે જૈન મંત્રીશ્વર કલ્પકના અદ્ભુત વ્યક્તિત્વના બલથી મહારાજા નન્દની સત્તા મગધના રાજ્યના સિંહાસન પર પુન: સુસ્થિર બની, અને મહામંત્રીની સામે કાવત્રાં કરનારા પાપીઓને નન્દે મગધની સીમાઓ પરથી દૂર ધકેલી તેઓનાં પાપોને ઉઘાડાં કર્યાં. મગધ દેશના વિશાલ રાજ્યતંત્રનો વહીવટનો કલશ મહામાત્ય કલ્પકના શિરેપર ફરી ગૌરવપૂર્વક ઢોળાયો. પણ સાધુમૂર્તિ કલ્પકને એની હવે અપેક્ષા રહી ન હતી. રાજ્યનાં,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેશનાં કે જગતનાં સર્વ સંબંધોથી મુક્ત બની તે મહામંત્રીએ પોતાનું શેષ જીવન શ્રી વીતરાગ ધર્મની આરાધનામાં પૂર્ણ કર્યું. અને સમાધિપૂર્વક મૃત્યુને પામી મહાત્મા કલ્પક અપૂર્વ જીવન જીવી મૃત્યુ ઉજવી દેવલોક ભણી વિદાય થયા. કલ્પકના વારસો મગધના મહામંત્રી પદે ત્યારપછી અભિષિક્ત થયા.

મગધની સત્તાના વાહક તરીકે ત્યારબાદ સાત–સાત પેઢી સુધી જૈન મંત્રીશ્વર કલ્પકની પેઢીઓએ મંત્રીશ્વર પદ વફાદારીપૂર્વક જાળવી જૈનધર્મને દીપાવ્યો અને નન્દ વંશનો યશસ્વી વિજયધ્વજ દેશપરદેશમાં દિગન્તગામી બનાવ્યો.

ત્યારબાદ નન્દવંશનો છેલ્લો–નવમો નન્દ મગધના સિંહાસન પર આવ્યો. તેના રાજ્યની સત્તાનું તંત્ર મહર્ષિ શ્રી સ્થૂલભદ્રજીના પિતા જૈન મંત્રીશ્વર શકટાલના હાથમાં આવ્યું. અસંતુષ્ટ માનવોની ભંભેરણીથી નવમો નન્દ દોરવાઇ ગયો, અને શકટાલ મંત્રીને રાજ્યદ્રોહની ગંધથી અપમાનિત કર્યો. એ અપમાનિત મંત્રીશ્વરે પોતાની સલામતી માટે સ્વેચ્છાએ પ્રાણ ત્યજી દીધા. આ કાળ ચોઘડીએ નન્દવંશના સર્વ નાશનું પગરણ મંડાયું.

અપમાનિત બ્રાહ્મણ મંત્રીનું વૈર બ્રાહ્મણ કુળના જૈનમંત્રી ચાણાક્યે નન્દની વંશ-વેલને મગધના સિંહાસન પરથી ઉખેડીને લઈ લીધું, અને ત્યાર બાદ મગધના પાયતખ્ત પર ચંદ્રગુપ્ત દ્વારા મૌર્યવંશની સત્તા સ્થપાઈ.

ચંદ્રગુપ્ત પછી બિન્દુસાર, અશોક અને જૈન સમ્રાટ્ સંપ્રતિ આ બધા મૌર્યવંશના મગધ સમ્રાટો ઇતિહાસના પાને આલેખાઈ ગયા. જેમ નન્દવંશને મગધની સત્તા પર સમૃદ્ધ કરનાર જૈન મંત્રીશ્વર કલ્પક હતા તે જ રીતે મગધના પાયતખ્ત પર મૌર્યવંશને સ્થિર કરનાર બ્રાહ્મણ કુળના જૈન મંત્રીશ્વર ચાણાક્ય હતા. પ્રામાણિક જૈન તવારીખો આ બધી હકીકતો આપણને કહી જાય છે.

બ્રાહ્મણ કુળના જૈન મંત્રીશ્વર શ્રી કલ્પકની અહિંસક શક્તિએ, આ રીતે ભયંકર રક્તપાતથી જગતને ઉગારી, વિશ્વશાંતિનું નિર્દોષ વાતાવરણ જન્માવ્યું.

આ હકીકત વૈર, ઝેર અને કિન્નાખોરીનાં તાંડવોથી નાચી રહેલી આજની સભ્ય ગણાતી યૂરોપની દુનિયાએ ભૂલી જવી જોઇતી નથી.

જૈન મંત્રીશ્વર કલ્પકે, જીવનમાં જીવી જાણેલી એ નિષ્કલંક સાધુતાનાં મૂલ્યને જગતનો માનવસમાજ જ્યારે સમજતો થશે ત્યારે વિશ્વશાન્તિનાં પાયા સુસ્થિર બન્યા વિના નહિ જ રહે!

# નવી મદદ

૫૧) પૂ. મુ. મ. શ્રી. વલ્લભવિજયજીના સદુપદેશથી શેઠ બહાદુરમલજી અભેરાજજી કોચર, બીકાનેર.

૧૦) પૂ. પં. મ. શ્રી. ભાનુવિજયજીના સદુપદેશથી ઉજમફઈની ધર્મશાળા, પાલીતાણા.

૫) પૂ. પં. મ. શ્રી. ચરણવિજયજીના સદુપદેશથી જૈનસંઘ, સાંચદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 શ્રી જૈન સત્ય પ્રકાશ.


# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

### (૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

### (૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

### (૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ-વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

**[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના.**

**[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.**

## કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા, દસમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

## ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈએ દોરેલું સુંદર ચિત્ર. ૧૦"×૧૪"ની સાઈઝ, સોનેરી બોર્ડર. મૂલ્ય ચાર આના ( ટપાલ ખર્ચનો દોઢ આનો ).

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.


મુદ્રકઃ–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. ઓ. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશકઃ–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only